RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 124* Date: 2.03.2022 Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# રશિયાએ યુક્રેનમાં યુદ્ધ દરમિયાન સૌથી ખતરનાક વેક્યૂમ બોમ્બનો ઉપયોગ કર્યો

કીવ,તા.૧

યુક્રેન વિરુદ્ધ રશિયાના હુમલા સતત વધી રહ્યા છે. આ બધા વચ્ચે કેટલાક મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરાયો છે કે રશિયાએ યુક્રેનમાં યુદ્ધ દરમિયાન વેક્યૂમ બોમ્બનો ઉપયોગ કર્યો છે. અત્રે જણાવવાનું કે રશિયાના રાષ્ટ્રપતિએ હાલમાં જ દેશની ન્યૂક્લિયર ફોર્સને તૈયાર કરવા માટે કહ્યું હતું. વેક્યૂમ બોમ્બ ન્યૂક્લિયર બોમ્બ બાદ સૌથી ખતરનાક ગણાય છે. જેને રશિયાએ 'ફાધર ઓફ ઓલ બોમ્બ' નામ પણ આપ્યું છે. આ દાવો યુક્રેનના અમેરિકામાં રાજદૂત ઓકસાના માર્કારોવાએ કર્યો. તેમણે કહ્યું કે રશિયાએ આ વિનાશક બોમ્બનો ઉપયોગ કર્યો છે. આ બોમ્બને જીનેવા કન્વેન્શન દરમિયાન બેન કરાયો હતો. ઓકસાના માર્કારોવાએ દાવો કર્યો છે કે રશિયાએ આ બોમ્બનો ઉપયોગ એરસ્ટ્રાઈક દરમિયાન કર્યો. આ ઉપરાંત યુક્રેનમાં ઓખતિર્કાના મેયરે પણ આ ચોંકાવનારો દાવો કર્યો છે. તેમણે રશિયા પર વેક્યૂમ બોમ્બ છોડવાનો આરોપ લગાવ્યો છે.

સીએનએનએ જે રિપોર્ટ દર્શાવ્યો છે તે મુજબ શનિવારે બપોરે રશિયાના થર્મોબારિક મલ્ટીપલ રોકેટ લોન્ચર યુક્રેન બોર્ડર લોન્ચ કરાયા હતા. જ્યારે વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી જેન પ્સાકીએ કહ્યું કે એવા રિપોર્ટ જરૂર છે, પરંતુ આ અંગે કોઈ અધિકૃત જાણકારી નથી. જેને કહ્યું કે જો આ સાચુ હોય તો યુદ્ધમાં કરાયેલો સૌથી મોટો અપરાધ ગણાશે.

સૈન્ય કાર્યવાહી શરૂ કરનારા રશિયા પાસે બધા બોમ્બનો બાપ છે. 'ફાધર ઓફ ઓલ બોમ્બ' દુનિયાનો સૌથી શક્તિશાળી બિન પરમાણુ બોમ્બ છે. જો તમે ફાધર ઓફ ઓલ બોમ્બ વિશે ન જાણતા હોવ તો તમને જણાવી દઈએ કે તે બધા બોમ્બથી ચડી જઈને ખુબ જ ખતરનાક છે. આમ તો વેક્યૂમ બોમ્બને અધિકૃત રીતે Thermobaric weapons પણ કહે છે. રશિયા પાસે જે બોમ્બ છે તે થર્મોબેરિક બોમ્બ છે. તે અનેક નામથી ઓળખાય છે. જેમ કે એરોસોલ બોમ્બ, વેક્યૂમ બોમ્બ કે ઈંધણ-હવા વિસ્ફોટક, આ એક સુપર શક્તિશાળી બિન પરમાણુ બોમ્બ છે જેમાં ૪૪ ટનથી વધુ ટીએનટી બરાબર વિસ્ફોટ થાય છે. ફાધર ઓફ ઓલ બોમ્બ ૩૦૦ મીટરના દાયરામાં નુકસાન પહોંચાડી શકે છે. આ વિનાશકારી હથિયાર એક જેટથી પાડવામાં આવે છે અને તેનાથી હવાની મધ્યમાં વિસ્ફોટ થાય છે. તે હવાથી ઓક્સીજનને બહાર ખેંચે છે અને એક નાના પરમાણુ હથિયાર સમાન અસર પેદા કરે છે.

વેક્યૂમ બોમ્બ રશિયા દ્વારા વિક્સિત એક નવી સંકલ્પના પર આધારિત વિસ્ફોટક હથિયાર છે. આ શક્તિશાળી બોમ્બ પરમાણુ હથિયારોથી વિપરિત પર્યાવરણ માટે કોઈ જોખમ પેદા કરતા નથી. આ બોમ્બ વાતાવરણમાં રહેલી હવાનો જ વિસ્ફોટક ઈંધણ તરીકે ઉપયોગ કરી શકે છે. આ વિમાનથી પાડવાની સાથે જમીનથી પણ છોડી શકાય છે. એક નિર્ધારિત ઊંચાઈ સુધી લઈ ગયા બાદ આ બોમ્બના ઈંધણને વાદળો પર ઓક્સિજન સાથે ભેળવી ફેલાવી દેવાય છે. ત્યારબાદ આ વાદળોમાં વિસ્ફોટ કરાવતા જ તેના સંપર્કમાં આવનારી ચીજો કે ઈમારતો નષ્ટ થઈ જાય છે. હવામાં વિસ્ફોટ કરતા આ વેક્યૂમ બોમ્બની શક્તિ પરમાણુ હથિયારો બરાબર ગણાવવામાં આવે છે. તેમાં નેનોટેક્નોલોજીનો ઉપયોગ થયો છે. તેના ધડાકાથી રેડિએશનનું જોખમ હોતુ નથી.

આ બાજુ રશિયાના યુક્રેન પર હુમલા દરમિયાન અનેક ઊંચી ઈમારતો પર પેન્ટિંગ બની ગઈ છે. આ લાલ અને નારંગી રંગની ક્રોસ સાઈનમાં છે. આ અજીબ પેન્ટિંગ કિવ ઉપરાંત ખારકિવ અને અન્ય શહેરોમાં પણ જોવા મળી છે. યુક્રેન પર આક્રમણ કર્યા બાદથી સતત આર્થિક અને રાજદ્વારી પ્રતિબંધોનો સામનો કરી રહેલા રશિયાએ ૩૬ દેશો માટે તેની એરસ્પેસ બંધ કરી દીધી છે. રશિયાએ જે દેશો પર આ પ્રતિબંધ લગાવ્યો છે તેમાં મોટાભાગે યુરોપિયન દેશોનો સમાવેશ થાય છે. તમને જણાવી દઈએ કે આ પહેલા યુરોપિયન દેશોએ રશિયા માટે પોતાની એરસ્પેસ બંધ કરી દીધી હતી. બદલામાં રશિયાએ પણ હવે તે દેશો માટે તેની એરસ્પેસ બંધ કરી દીધી છે. રશિયાએ જે દેશો માટે આ પ્રતિબંધ લગાવ્યો છે તેમાં જર્મની, ફ્રાન્સ, ઈટાલી, કેનેડા, સ્પેન, ઓસ્ટ્રેલિયા, બેલ્જિયમ, બ્રિટિશ વર્જિન આઈલેન્ડ, બલ્ગેરિયા, ચેક રિપબ્લિક, ડેનમાર્ક, ફિનલેન્ડ, ગ્રીસ, હંગેરી, જર્સી, લાતવિયા, માલ્ટા, નેધરલેન્ડ, નોર્વે, પોલેન્ડ, પોર્ટુગલ, રોમાનિયા, સોલોવાકિયા, સ્વીડન અને બ્રિટનના નામ મુખ્ય છે.

તમને જણાવી દઈએ કે રશિયાના આ નિર્ણય પહેલા યુરોપિયન યુનિયને રશિયન એરલાઈન એરોફ્લોટ માટે પોતાની એરસ્પેસ બંધ કરી હતી, જેના કારણે રશિયાના વિદેશ મંત્રી લવરોવે જિનીવામાં સંયુક્ત રાષ્ટ્રની મુલાકાત રદ કરી હતી. યુરોપિયન યુનિયન સિવાય બ્રિટને પણ રશિયા માટે તેની એરસ્પેસ બંધ કરી દીધી હતી. તમને જણાવી દઈએ કે રશિયા-યુક્રેન યુદ્ધનો આજે પાંચમો દિવસ છે અને યુક્રેન પર રશિયાનો હુમલો ચાલુ છે.

આ સ્થિતિમાં રશિયાના રાષ્ટ્રપતિ પુતિને પોતાના પરમાણુ સંરક્ષણ કર્મચારીઓને એલર્ટ પર રાખ્યા છે, જેના કારણે માનવામાં આવી રહ્યું છે કે રશિયા કોઈપણ સમયે યુક્રેન પર પરમાણુ હુમલો કરી શકે છે. અમેરિકાએ બેલારુસમાં તેની એમ્બેસી બંધ કરી દીધી છે. આ સાથે જ તેના નાગરિકોને મોસ્કોથી નીકળી જવાની સલાહ આપવામાં આવી છે.

### રાજસ્થાન અને છત્તીસગઢની વચ્ચે તાકિદે કોલસા વિવાદ સમાપ્ત થાય તેવી સંભાવના

## રાહુલ ગાંધીએ અશોક ગહલોત અને ભુપેશ બધેલ સાથે બેઠક કરી

નવીદિલ્હી,તા.૧

રાજસ્થાન અને છત્તીસગઢની વચ્ચે કોલસા વિવાદ તાકિદે સમાપ્ત થઇ શકે છે કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી તરફથી રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગહલોત અને છત્તીસગઢના મુખ્યમંત્રી ભુપેશ બધેલની સાથે બેઠક બાદ બંન્ને રાજય સરકારો વચ્ચે કોલસા બ્લોક ફાળવણીને લઇ ચાલી રહેલ વિવાદ સમાપ્ત થઇ શકે છે.



સુત્રોના જણાવ્યા અનુસાર રાહુલ ગાંધીએ અહીં પોતાના નિવાસ પર બંન્ને મુખ્યમંત્રીઓની સાથે બેઠક કરી અને મુદ્દાના સદ્‌ભાવપૂર્ણ ઉકેલને લઇ વાતચીત કરી.રાજસ્થાનના કોલસા પુરવઠા માટે છત્તીસગઢમાં પરસા કોલસા ખાણની ફાળવણી ઇચ્છે છે. જો કે છત્તીસગઢના વિસ્તારનાના આદિવાસીઓના સંદર્ભમાં કેટલીક ચિંતાઓ જાહેર કરી છે.સુત્રોએ કહ્યું હતું કે રાહુલ ગાંધી અને કોંગ્રેસ મહામંત્રી પ્રિયંકા ગાંધી છત્તીસગઢની ચિંતાઓથી માહિતગાર છે અને પાર્ટી નેતૃત્વ આગામી કેટલાક દિવસની અંદર આ મુદ્દાના સમાધાન કાઢવા માટે કામ કરી રહ્યું છે.

ગહલોત પહેલા જ કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીને પત્ર લખી વિનંતી કરી ચુકી છે કે કોલસા ખાણની મંજુરીની પ્રક્રિયાને તેજ કરવા માટે દખલ આપે ગહલોતે કહ્યું હતું કે છત્તીસગઢથી કોલસા નહીં મળવાની સ્થિતિમાં રાજસ્થાનને ગંભીર વિજળી સંકટનો સામનો કરવો પડી શકે છે અને તેને કારણે આગામી ચુંટણીમાં પાર્ટીનું પ્રદર્શન પ્રભાવિત થઇ શકે છે.સુત્રોનું કહેવુ છે કે આ બેઠકમાં રાહુલ ગાંધીએ રાજસ્થાન તરફથી છત્તીસગઢમાં પણ જુની પેશન યોજનાની બાબતમાં પણ ચર્ચા કરી.રાજસ્થાન સરકારે તાજેતરમાં જુની પેંશન યોજનાને લાગુ કરવાની જાહેરાત કરી હતી સુત્રોએ એ પણ કહ્યું કે રાહુલ ગાંધીએ રાજયસભાની આગામી ચુંટણીમાં કોંગ્રેસના સંભવિત ઉમેદવારોની બાબતમાં ચર્ચા કરી તથા બધેલે સ્થાનિક નેતાઓને ઉચ્ચ ગૃહો મોકલવા પર ભાર આપ્યો.છત્તીસગઢથી રાજયસભાની બંન્ને બેઠકો માટે તાકિદે ચુંટણી થનાર છે.

## દિલ્હીમાં નવી આબકારી નીતિ યોગ્ય કે ખોટી ભાજપ ચાર માર્ચથી ૧૦ લાખ લોકો પાસેથી સુચનો માંગશે

નવીદિલ્હી,તા.૧

દિલ્હીમાં આમ આદમી પાર્ટી સરકારની નવી આબકારી નીતિ યોગ્ય છે કે નહીં હવે આ લોકો દ્વારા એકત્રિત કરવામાં આવેલ મત નક્કી કરશે દિલ્હી ભાજપ અધ્યક્ષ આદેશ ગુપ્તાએ કહ્યું કે કેજરીવાલ સરકારની નવી આબકારી નીતિ પર તેમની પાર્ટી દિલ્હીમાં ચાર માર્ચે જનમત સંગ્રહ કરશે જેમાં ૧૦ લાખ લોકોનો મત લેવામાં આવશે



આદેશ ગુપ્તાએ આરોપ લગાવ્યો છે કે આપની સરકાર નવી આબકારી નીતિ સમગ્ર શહેરમાં શરાબના ૮૫૦ ઠેકા ખોલી અને શરાબને પ્રોત્સાહિત કરી યુવાનોને દિશાહીન બનાવી રહી છે.તેમણે દાવો કર્યો કે શરાબના ઠેકાની પાસે ભીડના કારણે જ મહિલાઓ પણ ખુદને અસુરક્ષિત અનુભવી રહી છે.

ભાજપ નેતાએ જણાવ્યું છે કે લોકોનો મત જાણવા માટે દિલ્હીના ૨૮૦ વોર્ડમાં પ્રત્યેકમાં ચાર ચાર સુચન પેટીઓ રાખવામાં આવશે પાર્ટી નેતાઓ કહ્યું કે આ સુચન પેટીઓની પાસે જ પ્રશ્નાવલી થશે જેના દ્વારા આબકારી નીતિ સ્કુલો અને મંદિરોની પાસે શરાબ ઠેકા ખોલવા અને અન્ય પાસાઓ પર લોકોનો મત લેવામાં આવશે

એ યાદ રહે કે નવેમ્બર ૨૦૨૦માં લાગુ દિલ્હી સરકારની નવા આબકારી નીતિ હેઠળ પાટનગરને ૩૨ જોનમાં વિભાજીત કરવામાં આવ્યા છે જેમાં ૮૪૯ શરાબની દુકાનો ખોલવા માટે ખુલ્લી અરજી દ્વારા લાયસન્સ આપવામાં આવ્યા છે.નવી આબકારી નીતિ હેઠળ અત્યાર સુધી શહેરમાં કુલ ૮૪૯ લાયસન્સી શરાબ ઠેકામાંથી ૫૬૪ દુકાનોનું સંચાલન શરૂ થઇ ચુકયુ છે.નીતિ અનુસાર એક જોનના પ્રત્યેક વોર્ડમાં ત્રણ ચાર શરાબની દુકાનો જ હોઇ શકે છે.દિલ્હી ભાજપ નવી આબકારી નીતિ લાગ્યા બાદથી જ તેનો વિરોધ કરી રહી છે ભાજપ શાસિત ત્રણેય નગર નિગમોએ તાજેતરમાં દિલ્હી માસ્ટર પ્લાનના માનકોના કહેવાતા ભંગ પર નોન કન્ફર્મિંગ એરિયામાં આ શરાબની દુકાનીને સીલ કરવાનું શરૂ કરી દીધુ હતું સુત્રોએ કહ્યું કે લગભગ ૩૦ આવી દુકાનોને સીલ કરી દેવામાં આવી છે. જયારે અનેક અન્યને નોટિસ જારી કરવામાં આવી હતી.

## એલપીજી સિલિન્ડરના ભાવમાં ધરખમ વધારો કરવામાં આવ્યો

નવીદિલ્હી,તા.૧

એલપીજી ગેસના ભાવમાં ધરખમ વધારો કરવામાં આવ્યો છે. સરકારી તેલ કંપનીઓએ ૧ માર્ચથી ૧૯ કિલોના કોમર્શિયલ એલપીજી ગેસ સિલિન્ડર રિફિલિંગના ભાવમાં ૧૦૫ રૂપિયા સુધીનો વધારો કર્યો છે. કોમર્શિયલ એલપીજી દિલ્હીમાં રૂ. ૧૦૫ અને કોલકાતામાં રૂ. ૧૦૮ મોંઘુ થયું છે. એટલું જ નહીં, ૫ કિલોના કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમતમાં પણ ૨૭ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. જોકે, ઘરેલુ એલપીજી સિલિન્ડરના દરમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી. નવા દરો આજથી લાગુ થઈ ગયા છે.આ વધારા બાદ દિલ્હીમાં કોમર્શિયલ એલપીજી ગેસ સિલિન્ડરની નવી કિંમત ૨,૦૧૨ રૂપિયા થઈ ગઈ છે. આ સાથે પાંચ કિલોના સિલિન્ડર છોટુમાં પણ ૨૭ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. દિલ્હીમાં તેની કિંમત હવે ૫૬૯ રૂપિયા થઈ ગઈ છે.દેશમાં મોંઘવારી દિનપ્રતિદિન વધી રહી છે, ઉલ્લેખનીય છે કે હાલ કોમર્શિયલ ગેસના ભાવમાં ધરખમ વધારો થયો

## યુપીની ઘોરાવત બેઠક પર નણંદ અને ભાભી વચ્ચે મુકાબલો યોજાશે

લખનૌ,તા.૧

ઉત્તરપ્રદેશ ચુંટણી વિધાનસભા ચુંટણીમાં રાજનીતિક મહત્વકાંક્ષાના અલગ અલગ રંગ જોવા મળી રહ્યાં છે.કયાંક ભાભીની સામે દેવર છે તો કયાંક પિતાની રાજનીતિક વિરાસતને પુત્રી પડકાર આપી રહી છે આવો જ એક જંગ એક રાજધારાની નણંદ અને ભાભી વચ્ચે જારી છે.જેને લઇ ખુબ ચર્ચા છે.

સોનભદ્રની ઘોરાવત વિધાનસભા પર જ એક જ રાજધરાની નણંદ ભાભી બે અલગ પાર્ટીઓથી આમને સામને છે.

રાજનીતિક વર્ચસ્વના આ જંગમાં સરસાઇ હાંસલ કરવા માટે અગોરી બડહરા રાજધરાની વહૂ અને નણંદ અલગ અલગ જુથોમાં આવી ચુકી રાજધરાની વહૂ વિદેશ્વરી સિંહ કોંગ્રેસની ટીકીટ પર વિધાનસભા ચુંટણીના ઉમેદવાર છે જયારે તેમની નણંદ રાજકુમારી દીક્ષાએ ભાજપની સભ્ય પદ ગ્રહણ કરી ઘરમાં જ તેમનો વિરોધ કરી દીધો છે.

## ભારત-પાક આંતરરાષ્ટ્રીય સરહદ નજીક બાડમેરમાં મોટો વિસ્ફોટ, સુરક્ષા એજન્સીઓ એલર્ટ

બાડમેર,તા.૧

બાડમેર જિલ્લાના સરહદી વિસ્તારમાં સોમવારે મોડી રાત્રે જોરદાર ધમાકા સાથે અચાનક વિસ્ફોટ ના સમાચાર સામે આવ્યા છે. કહેવામાં આવી રહ્યું છે કે અચાનક રાતના સમયે જોરદાર ધમાકા સાથે થયેલા આ વિસ્ફોટથી સરહદી વિસ્તારના લોકો આઘાતમાં છે.

બીએસએફ અને સ્થાનિક પોલીસે વિસ્ફોટ ની પુષ્ટિ કરી છે. તે જ સમયે, આ વિસ્ફોટને કારણે કોઈપણ પ્રકારના નુકસાનનો ઈનકાર કરવામાં આવ્યો છે. વિસ્ફોટને લઈને સરહદી વિસ્તારના તમામ પોલીસ સ્ટેશનોને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યા છે, જયારે લોકોને શાંત રહેવાની અપીલ કરવામાં આવી છે. સુરક્ષા એજન્સીઓ, બીએસએફ અને સ્થાનિક પોલીસ બ્લાસ્ટની તપાસમાં વ્યસ્ત છે.

મોડી રાત્રે ચૌહટન વિસ્તારના બિજરાડ પોલીસ સ્ટેશન વિસ્તારના શોભલા જેતમલમાં આવા વિસ્ફોટના સમાચાર ઘણી સ્થાનિક ન્યૂઝ ચેનલોએ ચલાવ્યા હતા. જો કે, અમર ઉજાલા સાથેની વાતચીતમાં બિજરા પોલીસ સ્ટેશનના અધિકારી ભંવરા રામે આ વિસ્તારમાં આવી કોઈ ઘટના હોવાનો ઈંકાર કર્યો છે. મીડિયા અહેવાલો અનુસાર, બખાસર પોલીસ સ્ટેશનના અધિકારી કમલેશ ગેહલોતે પણ વિસ્ફોટની પુષ્ટિ કરી છે અને કહ્યું છે કે હાલમાં તપાસ ચાલી રહી છે.

બીજી તરફ જાલોરના ચિતલવાના પોલીસ સ્ટેશને સોમવારે ડોડા ખસખસના મોટા કન્સાઈનમેન્ટને રોકી દીધા છે. આ દરમિયાન બાડમેરના રહેવાસી તસ્કર ધર્મ રામ ઉર્ફે ધર્મેન્દ્ર જાટ પુત્ર હરજી રામ (૨૯)ની ધરપકડ કરવામાં આવી છે. ૪૪૭. ઈનોવા કારમાંથી ૬૫૦ કિલો ડોડા ખસખસ મળી આવ્યા છે. પકડાયેલા આરોપીની ડોડા ખસખસના વેપારના સંદર્ભમાં પૂછપરછ કરવામાં આવી રહી છે.

જાલોરના એસપી હર્ષવર્ધન અગ્રવાલે જણાવ્યું હતું કે જિલ્લામાં ડ્રગ્સની દાણચોરી વિરુદ્ધ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ અંતર્ગત અધિક પોલીસ અધિક્ષક દશરથ સિંહ, સીઓ રૂપ સિંહ ઈન્દ્ર અને એસએચઓ ચિતલવાના ખમ્મા રામના નેતૃત્વમાં એક વિશેષ ટીમ બનાવવામાં આવી હતી. સોમવારે પોલીસ અધિકારીએ ટીમ સાથે ચિતલવાનાથી ચારનીમ ફાંટા સુધીના નેશનલ હાઈવે પર નાકાબંધી કરી દીધી હતી. આ દરમિયાન એક શંકાસ્પદ ઈનોવા કારને અટકાવી તલાશી લેવામાં આવી હતી. તલાશી દરમિયાન કારમાંથી ૪૪૭ કિલોથી વધુ ડોડા ખસખસ મળી આવી હતી. દાણચોર ધર્મ રામ ઉર્ફે ધર્મેન્દ્રની એનડીપીએસ એક્ટ હેઠળ ધરપકડ કરીને પૂછપરછ કરવામાં આવી રહી છે.

## રાજદના નિશાન પર નીતીશકુમાર, જેના સમર્થન પર મુખ્યમંત્રી બન્યા તેની જ હાલત ખુબ ખરાબ

પટણા,તા.૧

રાજદના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શિવાનંદ તિવારીએ ટીપ્પણી કરતા મુખ્યમંત્રી નીતીશકુમારથી સવાલ કર્યો છે કે જે વર્ગના સમર્થન પર તે મુખ્યમંત્રી બન્યા છે તેની જ સ્થિતિ ખુબ ખરાબ છે.તેમણે નીતિ પંચના રિપોર્ટના આધાર પર સવાલ કર્યો છે કે શું ન્યાયની સાથે વિકાસ આને કહેવાય.શિવાનંદ તિવારીએ કહ્યું કે નીતી આયોગ કહી રહ્યું છે કે બિહારમાં ૫૨ ટકા લોકો ગરીબ છે ભારત સરકારનો બાલ વિકાસ મંત્રાલય બતાવી રહ્યું છે કે બિહારમાં ૪૮ ટકા બાળકો પોતાની ઉમરના હિસાબથી ઓછા વજનના છે.કારણ છે કે તેમની માતાઓને ગર્ભાવસ્થામાં જેવો આહાર મળવો જોઈએ તો હતો તે મળ્યો નહીં. જન્મ બાદ પાંચ વર્ષની ઉમર સુધી પણ બાળકોને



પોષણ યુકત આહાર મળ્યો નહીં પરિણામે બાળકો આજીવન શરીર અને બુધ્ધિમાં કમજોર જ રહેશે

તેમણે સવાલ કરતા પુછ્યું કે નીતીશકુમાર બતાવે કે શું ન્યાયની સાથે વિકાસ આને કહેવામાં આવે.સમાજના જે વર્ગના બાળકો છે.જે તમામ દલિત આદિવાસી અતિપછાત સમાજના છે તે વર્ગનો મોટો હિસ્સો તમારો સમર્થક છે તેમના સમર્થનનું શું આ પ્રતિદાન તમે તેમને આપી રહ્યા છો.

## છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૬ હજારથી વધુ કેસ, ૧૮૦ દર્દીઓના મોત

નવીદિલ્હી,તા.૧

કોરોના રોગચાળાના નવા કેસોમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. સોમવારની તુલનામાં કોરોનાના નવા કેસોમાં લગભગ ૧૪ ટકાનો ઘટાડો થયો છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસના ૬ હજાર ૯૧૫ નવા કેસ સામે આવ્યા છે જ્યારે ૧૮૦ લોકોના મોત થયા છે. જો કે, આ દરમિયાન ૧૬ હજાર ૮૬૪ લોકો કોરોનાથી સાજા થયા છે. આ પછી દેશમાં કોરોના કેસની કુલ સંખ્યા વધીને ૪ કરોડ ૨૯ લાખ ૩૧ હજાર ૪૫ થઈ ગઈ છે. જ્યારે આ મહામારીને કારણે અત્યાર સુધીમાં ૫ લાખ ૧૪ હજાર ૨૩ લોકોએ જીવ ગુમાવ્યા છે. કોરોનાના સક્રિય કેસ વધીને ૯૨ હજાર ૪૭૨ થઈ ગયા છે, જ્યારે રિકવરીનો કુલ આંકડો ૪ કરોડ ૨૩ લાખ ૨૪ હજાર ૫૫૦ થઈ ગયો છે.

## તંત્રી સ્થાનેથી...

# વાતચીતની કોશિશ

યુક્રેન પર આક્રમણ કર્યા બાદ રશિયાએ જે રીતે તેની સાથે વાતચીત કરવાની ઈચ્છા વ્યક્ત કરી, તેનાથી એ સંકેત મળે છે કે મોડે મોડે પણ તેને એટલું સમજાયું કે જો લડાઈ લાંબી ખેંચાશે તો તેને પણ નુક્સાન વધી જશે. રશિયાએ એ યાદ રાખવું જોઈતું હતું કે અફઘાનિસ્તાનમાં પોતાનું આધિપત્ય જમાવવાની કોશિશમાં જ સોવિયેત સંઘના ભાગલા પડી ગયા હતા. હાલમાં એ કહેવું મુશ્કેલ છે કે રશિયા અને યુક્રેન વચ્ચે કોઈ સાર્થક વાતચીત થઈ શકશે કે નહીં, પરંતુ એ સમયની માંગ અને જરૂરિયાત છે કે વાતચીતથી જ મુદ્દાનો હલ નીકળશે. યુદ્ધથી મુદ્દા ઉકલતા નથી, પરંતુ ગૂંચવાય જ છે અને આજના યુગમાં તો તેનાથી આખી દુનિયા ક્યાંય વધુ પ્રભાવિત થાય છે. એ એક તથ્ય છે કે યુક્રેન પર રશિયાના હુમલાએ વિશ્વ શાંતિને ખતરામાં મૂકવાની સાથે જ આંતરરાષ્ટ્રીય અર્થવ્યવસ્થા સમક્ષ ત્યારે ગંભીર સંકટ પેદા કરી દીધું છે, જ્યારે તે કોરોના સંકટમાંથી બહાર આવી રહી હતી. ખરું તો એ છે કે ખુદ રશિયાની અર્થવ્યવસ્થા માટે મોટું સંકટ પેદા થઈ ગયું છે. આ વખતે રશિયા માટે અમેરિકા અને તેના સહયોગી દેશોના પ્રતિબંધોનો સામનો કરવો આસાન નહીં હોય, કારણ કે તેને ઈન્ટરનેશનલ બેંકિંગ તંત્રથી પણ બહાર કરવાની તૈયારી થઈ રહી છે.

જો રશિયા મંત્રણા દ્વારા સમસ્યાનું સમાધાન કાઢવા પ્રત્યે વાસ્તવમાં ગંભીર હોય તો પછી તેણે યુક્રેન પર હુમલા અટકાવવા જોઈએ. તેનો મતલબ જ નથી કે તેઓ યુક્રેનને વાતચીતનું આમંત્રણ આપવાની સાથે જ તેને તબાહ કરવાનું પણ કામ કરી રહ્યું છે. હાલમાં તે એવું જ કરી રહ્યું છે. એવામાં તેના ઈરાદાઓ પ્રત્યે શંકા થવી સ્વાભાવિક છે. વર્તમાન પરિસ્થિતિઓમાં યુક્રેન માટે રશિયા પર ભરોસો કરવો કઠિન છે, તેથી અમેરિકા અને યુરોપીય દેશોએ બંને દેશો વચ્ચે સાર્થક મંત્રણા માટે માહોલ બનાવવો જોઈએ, બલ્કે એ કારણોના મૂળ સુધી પણ જવું જોઈએ, જેને કારણે સ્થિતિ બગડી છે. તેમણે એ કામ કરવું પડશે, કારણ કે હાલત બગાડવામાં ક્યાંકને ક્યાંક તેમનું પણ યોગદાન છે. આખરે તેઓ યુક્રેન સુધી નાટોના વિસ્તાર સંદર્ભે રશિયાની સુરક્ષા ચિંતાઓને સમજવા માટે તૈયાર કેમ ન થયા? તેમણે ત્યારે જ ચેતી જવું જોઈતું હતું, જ્યારે રશિયાએ યુક્રેન સીમા પર પોતાનો સૈન્ય જમાવડો વધારવાની સાથે આક્રમક વલણ અપનાવી લીધું હતું. જોકે અમેરિકા અને યુરોપ પોતાની જવાબદારીનું નિર્વાહ યોગ્ય રીતે નથી કરી શક્યા, તેથી ભારતે રશિયા અને યુક્રેનમાં સુલેહ-સમજૂતી કરાવવા માટે પોતાની સક્રિયતા વધારવી જોઈએ. એ ઉલ્લેખનીય છે કે ભારતીય વડાપ્રધાન દુનિયાના એ થોડા શાસનાધ્યક્ષોમાંથી છે, જેમની સાથે રશિયા સાથે યુક્રેનના રાષ્ટ્રપતિએ પણ સંપર્ક-સંવાદ કર્યો છે.

# ફેબ્રુઆરીમાં સોનાના વાયદાના ભાવમાં રૂ.૩,૧૨૮ અને ચાંદીમાં રૂ.૩,૯૪૪નો ઉછાળો

કોમોડિટી ઓપ્શન્સના ટર્નઓવરમાં ફેબ્રુઆરીમાં ૪૭ ટકાની વૃદ્ધિઃ ક્રૂડ તેલમાં બેરલદીઠ રૂ.૮૧૧ વધ્યાઃ કપાસ, કોટન, રબરમાં સાર્વત્રિક નરમાઈનો માહોલઃ મેન્થા તેલમાં સુધારોઃ બુલડેક્સ વાયદામાં ૧૫૧૯ પોઈન્ટ, મેટલડેક્સ વાયદામાં ૧૮૯૩ પોઈન્ટ અને એનર્જી ઈન્ડેક્સ વાયદામાં ૧૧૭૬ પોઈન્ટની મૂવમેન્ટ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૧ થી ૨૮ ફેબ્રુઆરીના મહિના દરમિયાન ૯૭,૪૧,૩૧૫ સોદાઓમાં કુલ રૂ.૮,૨૧,૯૯૫.૨૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. જાન્યુઆરીની સરખામણીએ ફેબ્રુઆરી મહિનામાં કોમોડિટી વાયદાઓમાં ટર્નઓવર ૧૨.૭૮ ટકા વધીને રૂ.૫,૦૫,૯૨૬.૭૩ કરોડ, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સનું નોશનલ ટર્નઓવર ગત મહિનાના રૂ.૨,૦૮,૮૫૧૩૯ કરોડથી વધીને ફેબ્રુઆરી મહિનામાં ૪૭.૪૩ ટકાના ઉછાળા સાથે રૂ.૩,૦૭,૯૦૫.૯૧ કરોડનું થયું હતું, જ્યારે કોમોડિટી ઈન્ડેક્સ વાયદાનું ટર્નઓવર ૧૬.૪૦ ટકાની વૃદ્ધિ સાથે રૂ.૮,૧૬૨.૫૫ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૩૫,૨૧,૦૩૩ સોદાઓમાં કુલ રૂ.૧,૯૬,૨૬૫.૯૮ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ મહિનાના પ્રારંભે રૂ.૪૭,૬૭૭ના ભાવે ખૂલી, મહિના દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૨,૭૯૭ અને નીચામાં રૂ.૪૭,૫૫૫ના સ્તરને સ્પર્શી, મહિનાનાં અંતે રૂ.૩,૧૨૮ વધી રૂ.૫૦,૭૬૦ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૨,૨૬૧ વધી રૂ.૪૦,૫૪૬ અને ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૩૦૪ વધી રૂ.૫,૦૭૧ના ભાવે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો ૧ કિલોદીઠ મહિનાના પ્રારંભે રૂ.૬૧,૧૦૧ના ભાવે ખૂલી, મહિના દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૮,૦૯૭ અને નીચામાં રૂ.૫૯,૯૫૧ના સ્તરને સ્પર્શી, મહિનાનાં અંતે રૂ. ૩૯૪૪ વધી રૂ.૬૪,૯૨૦ના સ્તરેના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ. ૪૫૪૬ વધી રૂ.૬૫,૮૬૪ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૪,૫૪૮ વધી રૂ.૬૫,૮૬૪ના સ્તરે બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૫,૮૦,૬૩૪ સોદાઓમાં રૂ.૧,૧૯,૪૪૪.૦૭ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ ફેબ્રુઆરી વાયદો ૧ કિલોદીઠ રૂ.૩૮.૩૦ વધી રૂ.૨૭૯.૮૫ અને જસત ફેબ્રુઆરી વાયદો રૂ.૧૦ વધી રૂ.૩૦૬ના ભાવ થયા હતા. આ સામે તાંબુ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૪૦.૭૦ વધી રૂ.૭૭૬.૯૫ અને નિકલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૨૨૧.૭ વધી રૂ.૧,૯૧૧.૫૦ તેમ જ સીસું ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૫.૨૦ વધી રૂ.૧૯૧ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૨૨,૪૩,૩૮૮ સોદાઓમાં કુલ રૂ.૧,૮૪,૯૮૩.૯૮ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ માર્ચ વાયદો મહિનાના પ્રારંભે રૂ.૬,૫૦૬ના ભાવે ખૂલી, મહિના દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૭,૬૧૭ અને નીચામાં રૂ.૬,૩૯૦ના સ્તરને સ્પર્શી, મહિનાનાં અંતે ૧ બેરલદીઠ રૂ.૮૧૧ વધી રૂ.૭,૨૯૧ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ માર્ચ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૪.૩૦ ઘટી રૂ.૩૩૬.૭૦ના સ્તરે બંધ થયો હતો. કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૪૦,૨૮૧ સોદાઓમાં રૂ.૫,૨૩૨.૭૧ કરોડનાં કામકાજ થયા હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલો દીઠ રૂ.૧,૯૬૨.૫૦ના સ્તરે બંધ થયો હતો.

# સત્યમ્ શિવમ્ સુંદરમ્

દિપક પટેલ શિક્ષક સુરત
જનતા દરબાર સંયોજક

'સત્ય' હેરાન થાય, પરેશાન થાય, એકલું પડી જાય, હડધૂત થાય પરંતુ ક્યારેય પરાજિત થતું નથી.

*સત્ય * હંમેશા અમર છે, *સત્ય * અંતિમ સત્ય છે.

*સત્યને* જૂઠ, દલીલ કે ખોટાં બહાના, સહકાર, ટેકાની જરુર પડતી નથી.

સત્ય જ રામ અને રહીમ છે. શિવ શક્તિ અને સામર્થ્યવાન છે.

*સત્ય * હંમેશા સુંદર હોય છે.

*સત્ય * નિર્લિપ્ત, નિસ્વાર્થ, નિર્દોષ,નિષ્પક્ષ,નીડર, નિસ્પૃહ હોય છે. *સત્યને* શોધવું મુશ્કેલ નથી એ સુલભ બની તમારી સાથે જ હોઈ છે.

*સત્ય* હિરા,મોતી, કંચન ઝવેરાતથીય મોંઘેરું છે.

વેચાતું નથી કે ખરીદી શકાતું નથી.

*સત્ય * એકલું હોય તો પણ હજારોની જનમેદની કરતાંય વધુ બળવાન, પ્રભાવી હોય છે.

*સત્ય* નિરાધારનો આધાર છે .

શિવ અને સુંદર પહેલા *સત્ય* લખાય છે. સત્યમ્ શિવમ્ સુંદરમ્ !!!

બૂમાબૂમ, કોલાહલ , પડકાર, હાકલા ની કોઈ વિસાત નથી *સત્ય* મૌન હોય તો પણ સત્ય સૌને સંભળાય છે. *સત્યને* સાંભળવા કાન ની જરુર નથી. સત્યના તરંગો પ્રભાવી શક્તિશાળી છે. શરીરના રોમ રોમ કાન બની જાય છે- *સત્ય* સંભળાઈ સમજાઈ જાય છે. *સત્ય* એ સરકારી જાહેરનામા, નોટીફિકેશન, ઠરાવ, વટહુકમ કરતાંય વિશેષ અમલી છે. *સત્ય* એ અંકોમાં શૂન્ય જેવો અમૂલ્ય છે એનાં વગર એકડા અધૂરા છે. એકડા વેરવિખેર છે. શૂન્ય છે તો જ એકડા ભેગા મળીને કિંમત રજૂ કરી શકે છે.

જળ એ *સત્ય* છે.
જમીન એ *સત્ય* છે.
જંગલ એ *સત્ય* છે.
જન જીવ *સત્ય* છે.

*સત્ય* કુદરતી છે એમાં જરા પણ કૃત્રિમતા ને અવકાશ નથી.

*સત્યમાં* અહમ કે અહંકાર નથી . સત્ય સદાકાળ સૌમ્ય સરળ અને શાંત છે.

*સત્યને* કોઈ સીમા નથી. શરુઆત નથી કે અંત નથી.

*સત્ય* પાસે બધાં જ જવાબો છે. સત્ય સામે કોઈ સવાલ ટિકાઉ તકવાપાત્ર નથી.

*સત્યનો* સાક્ષી ખુદ સત્ય છે, એનો કોઈ ધારાશાસ્ત્રી નથી.

*સત્ય* જાતે જ સ્વયં ન્યાયાધીશ છે.

*સત્ય* સનાતન સત્ય છે.

*સત્ય* ટનાટન સત્ય છે.

*સત્યને* સમજવા માટે બાળક બનવું પડે. શ્રદ્ધા અને વિશ્વાસ જરુરી છે.

અડગતા અને એકાગ્રતા જરૂરી છે.

*સત્યને* કોઈ ખુદા, ગોડ, ગુરૂ, ઈશ્વરની જરૂર નથી. સત્ય સર્વોપરી, સર્વોત્તમ, સદાકાળ સુપર પાવર છે.

*સત્ય* હશે ત્યાં સુધી જ આપનો આવકાર છે જૂઠ ફિટકાર ધિક્કાર છે.

એક જૂઠ છુપાવવા અનેક જૂઠ જરુરી . *સત્ય* એકલપંડે સેનાપતિ સમ્રાટ છે.

*સત્ય* વગર સંવિધાન કાયદાના ચોપડાં નકામા. ચુકાદા, નિર્ણય હુકમ નકામા.

*સત્ય* સર્વધર્મ સમભાવ છે. સમરસ અને શબરસ છે.

!!!!સત્યમેવ જયતે !!!!

# ૧૬ દિવસથી ભાડુઆત ફોન ઉપાડતા ન હતા, મકાન ખોલીને જોયું તો મહિલાની લાશ મળી

અમદાવાદ,તા.૧

શહેરના પૂર્વ વિસ્તારમાં હત્યાનો ગુનો બન્યો હોવાનું સામે આવ્યું છે. એક મકાન માલિક અમદાવાદ આવતા તેઓ પોતાના ભાડુઆત ને મળવા ગયા હતા. કારણકે, આશરે ૧૬ દિવસથી મહિલા ભાડુઆતનો ફોન બંધ આવતા તેઓ તેમને મળવા ગયા હતા. મકાન પર જઈને જોયું તો લોક મારેલું હતું. જેથી લોક તોડતા અંદર બેડ પર ફુલેલી અને ઈજાગ્રસ્ત હાલતમાં આ મહિલા ભાડુઆતની લાશ મળી આવી હતી.પોલીસને જાણ કરતા પોલીસે પીએમ કરાવી હત્યાનો ગુનો નોંધ્યો છે.

# શિવાલયનું તત્વરહસ્ય



પ્રત્યેક શિવાલયમાં નંદી,કાચબો,ગણેશ, હનુમાન,જલધારા,નાગ.. જેવા રહસ્યમય પ્રતિક જોવા મળે છે.દેવી દેવતાઓની આકૃતિઓમાં તેમના આસન,વાહન,પ્રતિકમાં સુક્ષ્મભાવ તથા ગૂઢ જ્ઞાનગમ્ય સાંકેતિક સૂત્ર સમાયેલ હોય છે. શિવાલયની ચર્ચા કરવામાં આવે તો પ્રત્યેક શિવ મંદિરમાં નંદીનાં પ્રથમ દર્શન થાય છે. નંદીએ મહાદેવનું વાહન છે તે સામાન્ય બળદ નથી.નંદીએ બ્રહ્મચર્યનું પ્રતિક છે.જેમ શિવનું વાહન નંદી છે તેમ અમારા આત્માનું વાહન શરીર(કાયા) છે એટલે શિવને આત્માનું અને નંદીને શરીરનું પ્રતિક સમજી શકાય.જેમ નંદીની દ્રષ્ટિ સદા શિવની તરફ જ હોય છે તેવી જ રીતે અમારૂં શરીર આત્માભિમુખ બને, શરીરનું લક્ષ્ય આત્મા બને એવો સંકેત સમજવો જોઈએ.

શિવનો અર્થ છે કલ્યાણ.તમામનું કલ્યાણ થાય એવો ભાવ આત્મસાત કરવો, તમામનું મંગલ થાય તેવી કામના કરે તો જીવ શિવમય બની જાય. પોતાના આત્મામાં એવા શિવત્વને પ્રગટ કરવાની સાધનાને શિવપૂજા કે શિવદર્શન કહેવાય છે અને તેના માટે સર્વ પ્રથમ આત્માના વાહન શરીરને ઉપયુક્ત બનાવવું પડશે. શરીર નંદીની જેમ આત્માભિમુખ બને, શિવભાવથી ઓતપ્રોત બને તેના માટે તપ અને બ્રહ્મચર્યની સાધના કરીએ.સ્થિર તથા દ્રઢ રહીએ એ જ મહત્વપૂર્ણ શીખ આપણને નંદીના માધ્યમથી આપવામાં આવી છે.

નંદિ પછી શિવ તરફ આગળ વધતાં કાચબો આવે છે.જેમ નંદીએ અમારા સ્થૂળ શરીરનો પ્રેરક માર્ગદર્શક છે તેમ કાચબો એ અમારા સુક્ષ્મ શરીરનું એટલે કે મનનું માર્ગદર્શન કરે છે. અમારૂં મન કાચબા જેવું કવચધારી, સુદ્રઢ બનવું જોઈએ. જેમ કાચબો શિવની તરફ ગતિશીલ છે તેવી જ રીતે અમારૂં મન પણ શિવમય બને,કલ્યાણનું ચિન્તન કરે, આત્માના શ્રેય હેતું પ્રયત્નશીલ રહે તથા સંયમી અને સ્થિતપ્રજ્ઞ રહે એટલે કે મનની ગતિ, વિચારોનો પ્રવાહ, ઈન્દ્રિયોનાં કામો શિવભાવયુક્ત આત્માના કલ્યાણ માટે જ થાય આ વાત સમજાવવા માટે કાચબાને શિવની તરફ ગતિ કરતો બતાવ્યો છે. કાચબો ક્યારેય નંદીની તરફ જતો નથી પરંતુ શિવ તરફ જ જાય છે. અમારૂં મન પણ દેહાભિમુખ નહી પરંતુ આત્માભિમુખ બનેલું રહે, ભૌતિક નહી પરંતુ આધ્યાત્મિક જ બનેલું રહે, શિવત્વનું જ ચિંન્તન કરે તે જોવું જોઈએ.

નંદી અને કાચબો બંન્ને જ્યારે શિવની તરફ આગળ વધી રહ્યા છે ત્યારે બંન્નેમાં શિવરૂપ આત્માને પામવાની યોગ્યતા છે કે નહી..? તેની કસોટી કરવા માટે શિવ મંદિરમાં મુખ્ય દ્વારા ઉપર બે દ્વારપાળ ઉભા છેઃ ગણેશ અને હનુમાન. ગણેશ અને હનુમાનના દિવ્ય આદર્શ જો આપણા જીવનમાં આવી જાય તો શિવનો એટલે કે કલ્યાણમય આત્માનો સાક્ષાત્કાર થઇ શકે છે. ગણેશનો આદર્શ છે બુધ્ધિ અને સમૃધ્ધિનો સદઉપયોગ કરવો એ જ એમનો સિધ્ધાંત છે તેના માટેના આવશ્યક ગુણ ગણેશના હાથોમાં સ્થિત પ્રતિકો દ્વારા બતાવવામાં આવ્યા છે. જેમકે અંકુશ- સંયમ-આત્મ નિયંત્રણનું, કમળ એ પવિત્રતા, નિર્લેપતાનું, પુસ્તક એ ઉચ્ચ ઉદાર વિચારધારાનું તથા મોદક(લાડું) એ મધુર સ્વભાવનું પ્રતિક છે.શિવ મૂષક જેવા તુચ્છને પણ અપનાવે છે. આવા ગુણ આવવાથી જ આત્મદર્શન-શિવદર્શનની પાત્રતા પ્રમાણિત થાય છે.

હનુમાનજીનો આદર્શ છે વિશ્વના હિત માટે તત્પરતાયુક્ત સેવા અને સંયમ. બ્રહ્મચર્યમય જીવન જ તેમનો મૂળ સિધ્ધાંત છે અને આ કારણે જ હનુમાનજી હંમેશાં શ્રી રામજીના કાર્યોમાં સહયોગી રહ્યા છે.અર્જુનના રથ ઉપર વિરાજીત રહ્યા છે અને આવી તત્પરતા દાખવવાથી જ વિશ્વ કલ્યાણમય શિવત્વ કે આત્મદર્શનની પાત્રતા પ્રાપ્ત થાય છે. ગણેશ હનુમાનજીની પરીક્ષામાં પાસ થયા પછી સાધકને શિવરૂપ આત્માની પ્રાપ્તિ થાય છે પરંતુ આટલો મહાન વિજય જેને પ્રાપ્ત થાય છે તેનામાં અહંકાર આવવાની સંભાવના રહે છે કે હું મોટો છું, શ્રેષ્ઠ છું આવો અહંકાર ડગલેને પગલે આત્મા-પરમાત્માના મિલનમાં બાધક બની જાય છે. આ વાતની યાદ અપાવવા માટે શિવાલયના મંદિરનું પ્રવેશદ્વારનું પગથિયું ઉંચુ રાખવામાં આવે છે અને પ્રવેશદ્વાર પણ નાનું રાખવામાં આવે છે એટલે પ્રવેશદ્વારને પસાર કરીને નિજ મંદિરમાંના ઉંચા સોપાન પર પગ મુકવાના સમયે તથા અંતિમ શિવદ્વારમાં પ્રવેશ કરતી વખતે અત્યંત વિનમ્રતા અને સાવધાની રાખવી પડતી હોય છે. મસ્તક પણ નમાવવું પડે છે. સાધકનો અહંકારરૂપી અંધકાર જ્યારે દૂર થાય છે ત્યારે અંદર બહાર સર્વત્ર શિવત્વ(પરમાત્મા)ના દર્શન થવા લાગે છે, તમામ મંગલમય લાગવા માંડે છે પછી થયેલ આત્મજ્ઞાનના જેવું પવિત્ર અને પ્રકાશમય બીજું શું હોઈ શકે..? શિવાલયની અંદર જ્યારે પ્રવેશ કરવામાં આવે છે ત્યારે કર્મમય સ્થૂળ જગત તથા વિચારમય સૂક્ષ્મ જગત બહાર જ છુટી જાય છે ત્યાર પછી પોતાનામાં કારણ જગતની આત્મ સ્વરૂપની પ્રતિતિ થાય છે તે અવર્ણનીય છે. શિવત્વભાવમાં ઓતપ્રોત કરી દેનારી હોય છે.

શિવાલયના નિજ મંદિરમાં જે શિવલિંગ હોય છે તેને આત્મલિંગ કે બ્રહ્મલિંગ કહે છે. અહી વિશ્વકલ્યાણ નિમગ્ન બ્રહ્માકાર વિશ્વાકાર પરમ આત્મા જ સ્થિત હોય છે. હિમાલય જેવું શાંત..મહાન..સ્મશાન જેવું સુમસામ શિવરૂપ આત્મા જ ભયંકર શત્રુઓની વચ્ચે રહી શકે છે અને તે જ કાલાતીત મહાકાલ કહેવાય છે અને તે જ સંતોષી, તપસ્વી..અપરિગ્રહી જીવન સાધનાનાં પ્રતિક છે. ભસ્મ ચિત્તાભસ્મલેપ,આત્માનંદ નિજાનંદની આનંદાનુભૂતિનું પ્રતિક છે. કાળો નાગ-કાલાતિત ચિર સમાધિભાવનું પ્રતિક છે.

ત્રિદલ..બિલિપત્ર..ત્રાણ નેત્ર.. ત્રિપુંડ.. ત્રિશૂલ..વગેરે સત્વગુણ,રજોગુણ અને તમોગુણ આ ત્રાણને સમ કરવાનો સંકેત આપે છે. ત્રિકાય..ત્રિલોક..ત્રિગુણથી પર થવાનો નિર્દેશ કરે છે.આંતરિક ભાવાવેશોને શાંત કરવા માટે સાધક ભ્રુકુટીમાં ધ્યાન કેન્દ્રિત કરે છે. આ સ્થાનમાં ત્રિકુટી સહસ્ત્રચક્ર સહસ્ત્રદળ કમળ..અમૃતકુંભ.. બ્રહ્મ કલશ.. આજ્ઞા ચક્ર..શિવ પાર્વતી યોગ જેવા વર્ણનો દ્વારા સિધ્ધ સામર્થ્યની પ્રાપ્તિની ક્ષમતા હોવાની ચર્ચા યોગશાસ્ત્રોમાં કહેવામાં આવી છે.વિવેક બુધ્ધિરૂપી ત્રીજું નેત્ર ભવિષ્ય દર્શન..અતિન્દ્રિય શક્તિ તથા કામદહન જેવી ક્ષમતાઓનું કેન્દ્ર માનવામાં આવે છે.શિવનું રૂદ્રરૂપ એ અંદરના આવેશો-આવેગો જ છે તેને શમ કરવું એ જ ભગવાન શંકરનું કામ છે. ત્રિદેવ એટલે બ્રહ્મા-વિષ્ણું-મહેશને પણ આ તમામ ત્રિપરીણામ ત્રાયીયુક્ત પ્રતિકોથી બતાવ્યા છે અ-ઉ-મ આ ત્રણ અક્ષરોથી સમન્વિત એકાક્ષર ૐ માં પણ આ ભાવ સમાયોજિત છે.વિશ્વના હિતના માટે હળાહળ ઝેરને પી લેવું તથા વિશ્વના તમામ કોલાહલથી પર રહીને મૃદંગ.. શંખ.. ઘંટ..ડમરૂંના નિનાદમાં મગ્ન રહેવું એટલે કે આત્મસ્થ રહેવું..બ્રહ્મમાં રત રહેવું.. એ જ વિશ્વ સંદેશ તેમના નાના પ્રતિકોના માધ્યમથી બતાવવામાં આવ્યા છે. શિવ પર અવિરત ટપકનારી જલધારા જટામાં સ્થિત ગંગાનું પ્રતિક છે તે જ્ઞાન ગંગા છે. સ્વર્ગની ઋતુમ્ભરા પ્રજ્ઞા..દિવ્ય બુદ્ધિ.. ગાયત્રી અથવા ત્રિકાળ સંન્ધ્યા.. જેની બ્રહ્મા-વિષ્ણું -મહેશ ઉપાસના કરે છે.


શિવલિંગ જો શિવમય આત્મા છે તો તેમની છાયાની જેમ અવસ્થિત માતા પાર્વતિ એ આત્માની શક્તિ છે. આમાં સંકેત એ છે કે એવા કલ્યાણમય..શિવમય આત્માની આત્મશક્તિ પણ છાયાની જેમ શિવનું અનુસરણ કરે છે. પ્રેરણા સહયોગિની છે.

શિવાલયની જલધારા ઉત્તર દિશા તરફ વહે છે.ઉત્તરમાં સ્થિત ધ્રુવનો તારો ઉચ્ચ સ્થિર લક્ષ્યનું પ્રતિક છે. શિવમય કલ્યાણકામી આત્માનો જ્ઞાનપ્રવાહ..ચિન્તન પ્રવાહ હંમેશાં ઉચ્ચ સ્થિર લક્ષ્યની તરફ જ ગતિ કરે છે તેનું લક્ષ્ય ધ્રૃવની જેમ અવિચલ રહે છે. કેટલાક પુરાતન શિવ મંદિરોમાં ઉત્તર દિશામાંની દિવાલમાં ગંગાજીની પ્રતિમા જોવા મળે છે તેને સ્વર્ગીય દિવ્ય બુધ્ધિ, ઋતુમ્ભરા પ્રજ્ઞા કે ગાયત્રી જ સમજવાં જોઈએ. જે બ્રહ્માંડમાંની અવિરત ચેતના છે. શિવ ઉપર અવિરત ટપકતી જલધારાની જેમ સાધક પર પણ બ્રહ્માંડીય ચેતનાની અમૃતધારા.. પ્રભુકૃપા અવિરત વરસતી રહે છે એવો વિશ્વાસ કરવો જોઈએ.

આમ શિવાલય સ્થિત આ પ્રતિકો..ચિન્હોના તત્વ રહસ્યનું ચિન્તન કરીને ભાવનાથી ઓતપ્રોત બનેલ વ્યક્તિને શિવમય બનાવી શકાય તો તેમાં અમારાં દર્શન પૂજન ઉપાસના..વગેરેની યથાર્થ સાર્થકતા છે.

વિનોદભાઇ માછી નિરંકારી
નવીવાડી,તા.શહેરા,પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# સાચી સવાર..





અન્ય લોકો જેમ આજકાલ મારી સવાર પણ વોટ્સ એપની બારીઓમાં ડોકિયાં કરવામાં જ મગ્ન હોય છે. આમ તો મહદઅંશે નિરર્થક આત્મપ્રશંશક વિગતો અને નિમ્ન કક્ષાના હળવા જોક્સ સિવાય કશું વિશેષ જડતું ન હોવા છતાં ય, જેમ

કુતરાને નિશ્ચિત સમયે કોઈ કઈક આપે તો ત્યાં એ અચૂક ઊભો થઈ રાહ જોતો હોય, કઈક એ જ રીતે મારું મન પણ વોટ્સ એપમાં વળી ગયું છે. જેનો મને ભારોભારઅફસોસ હોવા છતાં યે હું કેમે કરી મુક્ત થઈ શકતો નથી.

એકવાર ફરી મારી સવારે આજે વોટ્સ એપમાં મોંઢું ઘાલ્યું. ખોલતાની સાથે જ મારા અજંપાનો પાર ન રહ્યો! મારાં નિત્યક્રમ અને સવારની કોઈ ચેતનવંતી પાઠશાળા એકાએક મારાં માટે જાણે ન ખૂલી હોય એવી અનુભૂતિએ મને નાચતો કરી મૂક્યો.આમ તો મારાં વતન દાહોદના એ ચાલીસ વરસના સહવાસી મિત્ર મહેન્દ્ર ભાઈ પંચાલ કે જે માનવીય અસહ્ય પ્રક્રુતિના પ્રકોપને કારણે એમનાં ગોવિંદનગરના નિવાસ સ્થાને એકલ સાધુઈ જીવન, પ્રકુતિનાં સાન્નિધ્યમાં

ગાળતા હતાં. એમણે મને એક નાનો અમથો વીડીઓ શેર કર્યો હતો.જેમાં લખ્યું હતું, × મારી સવાર×

શીર્ષક સવાર લક્ષી હોવાથી મને વિશેષ રસ પડ્યો. મને એનું કુતૂહલ પણ જાગ્યું કે જે છેલ્લા કેટલાક વરસથી વિરક્ત કોઈને કોઈ પણ મેસેજ ન મોકલનાર આ એકલ જીવી વ્યક્તિએ એની કેવી સવાર વિશે કોની પાસે વીડીઓ ઉતરાવી મને મોકલ્યો છે? વળી મહેન્દ્ર ભાઈ વિશે એટલી તો મને શ્રધ્ધા હોય જ કે એ જે કઈ કરે એ જગતથી સાવ જુદુ-નોખું એવમ પ્રેરણાદાયી જ હોય. એથી મેં તરત જ એ વીડીઓ આંખમાં મઢી, એમની નવ્ય ચેષ્ટાઓ વિશે જાતને જગાડવા પ્રયત્ન કર્યો.

એક ખૂણામાં એ ફર્શ પર બેઠાં હતાં. વળી એમનાં પગ તો આકાશી થઈ છત તરફ ઊંચકાયા હતાં. એવામાં માંડ એમનું મોં દેખાતું હતું. મહેન્દ્રભાઈની આસપાસ એક ડાઘીઓ શેરીનો મેલો કુતરો પરિક્રમા કરી,

એમને નખશિખ વ્હાલ કરી ચાટતો હતો. એ હદે કે એની જીભ અને દાંત મહેન્દ્ર ભાઈના મોં અને હોંઠને પંપાળતા હતાં. હજી વધુ એ ખેલ ચાલે એ પહેલાં જ એ શોર્ટ વીડીઓ બંધ થઈ ગયો. હું કશુંક વિચારું તે પહેલાં જ અભિલાષા ફ્લેટના કંપાઉન્ડમાં બે માસ પૂર્વે જન્મેલ ચાર કુતરાના બચ્ચાઓ ભૂખ્યા વલોપાત કરતા હતાં .અને હું મજેથી ચા સાથે નાસ્તો ચાવતો હતો. મને આ વીડીઓમાં મહેન્દ્ર ભાઈની સવારના દર્શન તો થયાં. પણ એના રૂપ-રંગ અને કલેવરને જાણવાની જિજ્ઞાસા થતાં જ મેં ફોન કર્યો.× વાહ, મહેન્દ્ર ભાઈ, શું નજારો દેખાડ્યો છે. આપે સવારનો? તમારાં લાડલા ભાઈબંધ સાથે! મારી તો અચરજનો પાર નથી કે તમે આવા ગલીના ગંધાતા કુતરા સાથે આવી પ્રેમલીલા ઘરમાં કરવા માંડ્યા છો? શાની અસર છે ભાઈ?જુઓ, સતીન ભાઈ, મારો જીવ છેલ્લા ચારેક વરસથી માનવોની અપ્રાક્રુતિક ચેષ્ટાઓથી વિમુખ થઈ, આવા નિર્દોષ પ્રાણીઓમાં પરોવાયો છે. આજે જ્યારે મારાં પરિવારથી છેટો એકલો જ રહું છું, ત્યારે મને મારા એ દિવસો ય યાદ આવે છે. કે નજીકના કહેવાતા સ્વજનોએ એમનાં મોંમાં કોળિયા નાખતી વખતે મને યાદ સુધ્ધાં નથી કર્યો! બસ આ જ એક બોધ મને આ નિર્દોષ કુતરાના જીવમાં પરોવી ગયો કે જ્યારે-જ્યારે હું ગૌશાળાથી કેનમાં દૂધ ભરીને લાવતો ,ત્યારે અડધોઅડધ આવી કોક કુતરીના બચ્ચાઓને પીવડાવી દેતો. તે સમયે મારું ઘર રશિયા અને યુક્રેનની સરહદો પર ખેલાતા યુધ્ધ જેવું થઈ જતું. મેં નિર્ણય કર્યો હતો કે ગમે તેવી ખુંવારી થાય, કદાચ ઘરના સ્વજનોનો ત્યાગ કેમ ન કરવો પડે? હું આ મારી પ્રાણી પ્રત્યેની નિષ્ઠામાં જરાયે બાંધછોડ કરવાનો નથી. આ મારી હઠયોગીતાને કારણે આજે જે કુતરો તમે મારી સાથ રાસ રમતો જોયો છે. એ બીજો કોઈ નહીં પણ છેલ્લાં બે વરસ પહેલાં ગૌશાળામાં વાયેલી કુતરીનું આ સંતાન છે.

જે નિત્ય મને ત્યાંથી મારા ઘર સુધી સાથ દેવા મારા હાથ-પગ ઝાલી રમતું ખેલતું દોડી આવતું હતું. એ હવે મારાં ઘરને છોડી ક્યાં ય જતું નથી! જ્યારે બીજા બધાય મને છોડીને..

એ હજી કશુંક વિશેષ જણાવે એ પહેલાં જ મારી આંખોમાં ઝળઝળીયાં આવી ગયાં. મારું મન વીસ વરસ પહેલાં મુંબઈના રાષ્ટ્રીય ઉર્દૂ ફિલ્મી શાયર જનાબ મુમતાઝ રાશિદના અંધેરી નિવાસે મિલ્લતનગરની ગલીમાં સફર કરવા માંડ્યું. મુમતાઝ સાહેબ મને એમના ઘર ભણી વહેલી સવારે દોરી જતાં હતાં .ત્યારે પાંચ-સાત કુતરાઓ એમને છેક માથે સુધી વળગી, વહાલ કરતાં, છેક ઘરના ઉંબરાં સુધી વળાવવા આવતાં. એ જોઈ મારાં અચરજનો પાર ન રહ્યો. મને થયું કે આજ દિન લગી મને મારી ગલીમાં ઘર લગી દોરી જવા સમ ખાવા ય એકે ઓળખાણ વાળો પણ આવ્યો નથી! તો મુમતાઝ સાહેબ કેટલા નસીબદાર છે? કે એક-બે નહીં આવા અસંખ્ય સાથીદારૉ એમનો સંગાથ કરે છે! જેનાં કારણમાં એમણે મને જણાવ્યું હતું કે× આ કુતરાઓ અમારાં પરિવાર કરતાં ય મને વિશેષ વહાલાં છે. અમારે ત્યાં જેટલી રોટલી ઘર માટે બને છે એનાથી બમણી આ કુતરાઓ માટે મારી બીબી પકાવે છે.× મહેન્દ્ર ભાઈ પણ અડધું ટીફીન કુતરાને જ શેર કરતા હોવા જોઈએ.

આ ઘટના બાદ સીધી જ નજર રશિયા- યુક્રેનની યુધ્ધ તબાહીનાં દ્રશ્યો પર પડતાં જ

મારી એક આંખમાં મહેન્દ્ર ભાઈ અને બીજી આંખમાં મુમતાઝ ભાઈ તરવરી ઉઠ્યાં. ત્યાં રસ્તાઓ પર જીવ બચાવવા લપાતા- ભાગતા, આક્રંદ કરતાં અને ક્યાંક ખૂણે-ખાંચરે અથવા રેલવેના પાટા ઉપર જગા મળતાં, કુતરા કરતા ખરાબ હાલતમાં રઝળતા માનવોને પણ જો આ બે મહાનુભવોમાંનો એકાદે જડી ગયો હોત, તો ખરેખર દરેક નાગરીક પેલાં વહાલ કરતાં કુતરાઑ જેમ એકમેકને વહાલ કરી, વિશ્વૈક્યની સ્થાપના, ×હમસબ એક હૈં×નો નારા લગાવ્યા વિના કરી શકત.

કથાબીજ..મહેન્દ્ર પંચાલ, દાહોદ.
સતીન દેસાઈ ×પરવેઝ× દીપ્તિ×ગુરૂ×
અમદાવાદ

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



NOG SS No.0081
વિષય : શિવરાત્રિ
પ્રકાર : પદ્ય
શીર્ષક :શિવ છે તો જીવ છે!
શિવજીની આપ સૌ પર બની રહે માયા,
એમની રહેમ પલટી દે કિસ્મતની? કાયા.
શિવ- શક્તિની કૃપા સદૈવ રહે વરસતી,
મનચક્ષુને એનાં આશિષ આપે દૃષ્ટિ.
શિવ તો ભોળા, ભક્તિ બસ ચાહે,
જીવન એમનું જપ,તપ પણ જગ કાજે.
અમૃત તો સૌ ચાહે, વખનું શું ??
ન હોત શિવજી તો ધરા રહેત જીવંત ?
નીલકંઠ બનીએ જો શિવજીની જેમ,
કોઈનું નહીં તો નિજનું કરીએ? ક્ષેમ.
શિવ છે સત્ય,શિવ જ સુંદર,
શિવ છે તો જીવ છે,યાદ રહે નિરંતર.
ઈશ્ર માયા દેસાઈ
મુંબઈ ભારત.

---

NOG SS No/0044
વિષયઃ-જાહેર જીવન સમાજસેવામાં,સાહિત્ય સેવામાં કડવા મીઠા ઘૂંટની આપવીતી.
પ્રકારઃ- ગદ્ય
નામઃ- વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.
શબ્દોઃ-૩૩૦
શીર્ષકઃ- અનુભવ.

રેલ્વે તંત્ર અને ટપાલ ખાતું , સરકારી તંત્રમાં બદનામ.આમ તો સરકારી તંત્ર આખું જ બદનામ પરંતુ રણમાં મીઠી વીરડી સમાન દરેક તંત્રમાં કોઈક તો એવું હોય જ જે, પ્રજાને માણસાઈનો અનુભવ કરાવે. કોઈ સાચું જ ન માને પણ મને માણસાઈનો અનુભવ આ બંને ખાતામાં થયેલો.તમે પણ વાંચીને આશ્રચર્યચકિત થયા ને! હા.આજે હું તમને આ? તંત્રનાં મને થયેલાં માણસાઈનાં અનુભવની વાત કરું.

× વાત છે ઈ.સ.૧૯૬૯ની, હું એફ.વાય.બી.એસસી.માં ભણું. મારી પ્રાયોગિક પરીક્ષા હોવાથી સવારે ૮ વાગ્યે વલસાડ કોલેજ પંહોચવાનું.એ માટે ડુંગરીથી લોકલ ગાડીમાં બિલીમોરા જઈ ત્યાંથી ફ્લાઈંગ રાણીમાં વલસાડ જવાનું.એ દિવસે લોકલ ગાડી સમય કરતાં મોડી એટલે બિલીમોરાથી ફ્લાઈંગ ન જ મળે.એ સિવાય વલસાડ જવા કોઈ વ્યવસ્થા નહીં, એટલે અમે વાર્ષિક પરીક્ષા ન આપી શકીએ.સમય ગુમાવ્યા વિના તરત જ મેં સ્ટેશન માસ્તરને મારી સાથે બીજા દસ છોકરાઓની પરિસ્થિતિ જણાવી અને કોઈપણ સંજોગોમાં ફ્લાઈંગ મળે એવું કરવાં જણાવતાં જ એમણે તરત જ બિલીમોરા સ્ટેશન માસ્તરને પરિસ્થિતિનો ચિતાર આપી વિનંતી કરી.બિલીમોરા સ્ટેશન માસ્તરે પણ માણસાઈ બતાવી,અમારી લોકલ ગાડી બિલીમોરા પંહોચી અમે ફ્લાઈંગમાં બેઠાં પછી જ ફ્લાઈંગ વલસાડ જવા રવાના થઈ.અમારે માટે એ દિવસે ફ્લાઈંગ પાંચ મિનિટ મોડી ઉપડી અને અમે પરીક્ષા આપી શકેલાં.આ બંને સ્ટેશન માસ્તરની માણસાઈ હું ક્યારેય નહીં ભૂલું.

બીજો અનુભવ સાંઈઠ વર્ષ પહેલાંનો.

હું પાંચમા ધોરણમાં ભણું શાળામાં પત્ર લેખન શીખવ્યું.મેં એક પત્ર મારી સખીને લખ્યો અને બીજો પત્ર મારાં નાનાને લખવાની શરૂઆત જ કરી અને સરનામું લખી દીધું.સખીને લખેલો પત્ર પોસ્ટ કરવાને બદલે નાનાનો પત્ર પોસ્ટ કરી દીધો.હવે!આવો અધૂરો પત્ર નાનાનાં હાથમાં જાય એટલે ખલાસ! આવી જ બને.

,, મેં પોસ્ટ માસ્તર સાહેબને પોસ્ટ કરવાનો પત્ર બતાવી પહેલાં પોસ્ટ કરેલો અધૂરો પત્ર ટપાલ પેટીમાંથી કાઢી આપવા વિનંતી કરી. પોસ્ટ માસ્તર સાહેબે માણસાઈ બતાવી અધૂરો પત્ર ટપાલ પેટીમાંથી કાઢી આપ્યો.

પત્ર પૂરો કરી પોસ્ટ કર્યો.મારાં નાના મારો પ્રથમ પત્ર વાંચીને એકદમ ખુશ થઈ મને તરત જ? સરસ પત્ર લખવા માટે અભિનંદન અને આશીર્વાદ આપતો પત્ર લખ્યો.

આમ સ્ટેશન માસ્તર અને પોસ્ટ માસ્તરની માણસાઈનો યાદગાર અનુભવ થયો. સ્ટેશન માસ્તરની માણસાઈથી અમારું વર્ષ બગડતું અટક્યું અને પોસ્ટ માસ્તરની માણસાઈથી નાનાનાં અઢળક આશીર્વાદ મળ્યાં.

આ જ મારી કલમના સાચાં સારથિ.
વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

---

[NOG SS No : 0092
પ્રકાર :- પદ્ય
શીર્ષકઃ-શિવ, શિવા ને શિવરાત્રિ
છે પરમ પુનિત આ દિન- રાત,
જ્યાં ગૌરી સંગ પૂજાય ત્રિપુરાજીત.
જળ-સ્થળ ને પર્વત પર ત્રિલોચનનો વાસ,
ધૂપ, દીપ, નૈવેદ્યની ચારેકોર સુવાસ.
પુરે ભક્તોની એ આશ,જેનો મા પાર્વતી છે શ્વાસ.
ભૂત ગણોથી એ સોહાય,
ડમરું, ત્રિશૂળ લઈ હરખાય.
ભાંગ, ધતૂરો છે પ્રિય ખાસ,
રાખે પુરા પરિવારને પાસ.
નૃત્ય, સંગીતથી મન મોહે નટરાજ,
ભોળા ભક્તોના દિલ પર કરતા રાજ.
ઓમ નમઃ શિવાયથી પ્રસન્ન થાય,
ના બહુ વિધી-વિધાનની જરૂર જણાય.
એક લોટા જળથી જે રિઝાય,
એના ભક્તોની આશા કદીય ના મૂરઝાય.
જો ખીજે તો કરતા વિનાશ,
ના કરી શકે કોઈ દેવ એમના કરેલા અંધકારમાં પ્રકાશ.
ખુદ બ્રહ્મા-વિષ્ણુ અનુભવે નિઃસહાય,
જ્યારે આશુતોષની વિનાશ લીલા રચાય.
આજ ચારેય પ્રહર શિવપૂજા થાય,
ભજન-કિર્તનથી ભક્તિ રેલાય.
વ્રત-ઉપવાસથી મહિમા ગવાય,
' ચંદ્રમૌલી' જેવા દેવ નહીં ત્રિલોકમાં ક્યાંય.
મારા મનમાં 'મહાદેવ' નો નિવાસ,
એનું નામ હૈયે વસે સાથે શ્વાસોશ્વાસ.
મારો પૂર્ણપણે એમાં વિશ્વાસ,
બસ એ જ મારા જીવનની એક જ આશ.
અલકા નવિનચંદ્ર મહેતા
ગાંધીનગર...૦૧/૦૩/૨૨.

---

*NOG SS No : 0110*
પ્રકાર : ગદ્ય
વિષય : મહાશિવરાત્રી
શબ્દો : ૨૮૩
શીર્ષકઃ 'મહાશિવરાત્રી એક ભક્તિ-આરાધનાનું પર્વ'
લેખકનું નામ : નિખિલ કિનારીવાળા (અમદાવાદ)

મહાશિવરાત્રી એ હિન્દુ ધર્મ પ્રમાણે દેવોના દેવ મહાદેવ શિવશંકરની ઉપાસના માટે ખૂબ મહત્વનો દિવસ ગણાય છે. મહાશિવરાત્રીનું પવિત્ર પર્વ ફાગણ શરૂ થતાં પહેલાં મહા મહિનામાં કૃષ્ણ પક્ષમાં અમાસ પહેલાની ચતુર્દશીના દિવસે ઉજવાય છે.

ભારતીય શાસ્ત્રો અને પુરાણો પ્રમાણે આ દિવસે ભગવાન શિવ અને શક્તિ દેવી પાર્વતીના લગ્ન થયા. શિવ અને શક્તિ બંને આ સૃષ્ટિની મૂળભૂત ઉર્જાનાં બે સ્વરૂપો છે અને તે બંને સાથે મળીને જ સંપૂર્ણ અથવા શક્તિસ્વરૂપ માનવામાં આવે છે. આ દર્શાવે છે કે લગ્ન એ દરેક સંબંધિત પુરુષ અને સ્ત્રી વચ્ચેનો દૈવી શક્તિ પ્રેરીત સંબંધ હોય છે અને જીવનના દરેક તબક્કે મજબૂત રીતે ઉભરી આવે છે. જો એક નબળું પડે તો બીજાએ તેના પૂરક બની જીવનમાં ઊભરી આવવું જોઈએ.

આ દિવસે શિવજીની ઉપાસના અલગ અલગ રીતે થાય છે. કેટલાક શિવની વૈદિક અથવા તાંત્રિક પૂજા સાથે આખો દિવસ ઉપવાસ કરે છે. ભક્તો શિવ મંદિરોમાં, ×ઓમ નમઃ શિવાય× પવિત્ર મંત્રનો દિવસભર જાપ કરે છે અને શિવ ચાલીસાના પાઠ દ્વારા શિવની સ્તુતિ કરે છે.ઘણી જગ્યાએ મહાશિવરાત્રીની ઉજવણીમાં ×જાગરણ×નો પણ સમાવેશ થાય છે, જેમાં આખી રાત શિવની પ્રાર્થના કે જાપ કરવો એ શિવ દ્વારા વ્યક્તિના જીવનમાં અને વિશ્વમાં અંધકાર અને અજ્ઞાનને દૂર કરવાની યાચના સમાન મનાય છે.

ક્રોધની પરાકાષ્ઠાએ તાંડવ કરનાર મહાદેવ જ છે અને સમુદ્ર મંથન સમયે નિલકંઠ બની હળાહળ વિષનું પાન કરી સૃષ્ટિને સુરક્ષિત કરનાર પણ મહાદેવ જ છે.ગંગાને પોતાની જટામાં ધારણ કરી જનકલ્યાણ હેતુ અવતરણ કરાવનાર પણ મહાદેવ જ છે. ભક્તોની ભક્તિએ ઝડપથી પ્રસન્ન થનારા ભોળા દેવ પણ ભોળેનાથ મહાદેવ જ છે.આવા દેવોના દેવ મહાદેવ ની આરાધના કરી આપણે આપણું અને સમસ્ત માનવજાતનું કલ્યાણ પ્રાર્થિએ. મહાશિવરાત્રીની સહુને શિવમય બની હાર્દિક શુભેચ્છાઓ...

નિખિલ કિનારીવાળા, અમદાવાદ
૦૧ માર્ચ ૨૦૨૨.

---

NOG SS No : 0019
વિષય...શિવરાત્રી
પ્રકાર..ગદ્ય લેખ
શીર્ષકઃ કૃપા ભોળાનાથની

આપણું શરીર એક પવિત્ર મંદિર સમાન છે. એમાં અનેક કેન્દ્ર આવેલાં છે. મહાશિવરાત્રી એ આ સ્થાનોને પવિત્ર કરનારી મહાન રાત્રિ છે. મુક્તિ પ્રદાન કરતી એ રાત્રિએ ભોળાનાથની કૃપા અવશ્ય વરસે છે. આપણે એની પૂર્વ કથાથી પરિચિત છીએ. એક શિકારી અજાણતાં જ ચારેય પ્રહર શિવલિંગ પર બિલ્વપત્ર અને જળ ચઢાવતો રહ્યો, ને અજાણતાં જ મહાપૂજા થઈ ગઈ. અને ભોળાનાથની કૃપા એ શિકારી પર ઉતરી.

ભારતમાં અનેક જગ્યાએ મહાદેવ જુદાજુદા સ્વરૂપે બિરાજમાન છે. શિવજીને ભસ્મ,ભૂત,અને ભાંગ સાથે સંબંધ છે. આ દેવ ભક્તોને જલ્દી પ્રસન્ન થાય છે. મન,વચન,કર્મથી એમની આરાધના કરવી જરૂરી છે.

× ઓમ નમો શંભવાય ચ મનોભવાય,
નમો શંકરાય ચ મયસ્કરાય ચ,ઓમ નમઃશિવાય શિવાવતારાય ચ.×

શિવરાત્રિનાં દિવસે એમની અખંડ પૂજા થાય છે. જે ખૂબ કલ્યાણકારી છે. ભસ્મ એ શિવભક્તની ઉન્નતિનું પ્રતિક છે. જ્યારે સમુદ્ર મંથનનું વિષ મહાદેવે કંઠમાં ધારણ કર્યું, બાદ મહાદેવ ઘણાં દિવસો સુધી બેભાન અવસ્થામાં રહેલાં. મા પાર્વતી અને દેવોએ ખૂબ મહેનત કરી ,રાત્રિ જાગરણ કરી મહાદેવની સ્તુતિ કરી હતી.જે દિવસે ભોળાનાથ જાગૃત થયાં અને યથાવત થયાં, એ રાત્રિ એટલે જ આ પવિત્ર શિવરાત્રિ.ત્યારે શિવજીએ કહ્યું હતું કે જે ભક્તો આ રીતે મને ભજે છે, એનો હું મોક્ષ કરું છું. મસ્તિષ્ક ના તાપથી બચવા ધતૂરો,બિલ્વપત્ર, અને ભાંગ શ્રેષ્ઠ છે. એ શિવજીને પ્રિય છે.

શિવરાત્રિની અનેક કથાઓ છે. પણ એ મંગલકારી છે. મોક્ષદાયિની છે.

જય મહાદેવ.
કલ્પનાબેન ત્રિવેદી સુરેન્દ્રનગર

---

NOG.SS.No 0098
વિષયઃ- સમાજ સેવા
પ્રકારઃ- ગદ્ધ
શીર્ષક :- પરમ સંતોષ

બા ,તમારો રાહુલ નો મનીઓર્ડર છે. (ટપાલી ) રમેશ સાયકલથી નીચે ઊતર્યો. બાની આંખોમાં ચમક આવી ગઈ.

×બેટા×મને જરીક વાત પણ કરાવી દેજે આમ કહી રમેશ ને જોવા લાગી. રમેશ એ કીધું ,×બા× દર વખતે મને આટલો સમય નથી હોતો કે હું વાત કરાવું.×બેટા× બસ જરીક વાર વાત કરીશ. ×બા ×દર વખત જીદ નહીં કરવાની આમ કહી બાના હાથમાં પૈસા મૂકી ફોન પર નંબર ડાયલ કરવા લાગ્યો .લો બા વાત કરી લો પણ વધારે વાત ના કરતા પૈસા કપાય છે . આમ કહીને ફોન બાના હાથમાં આપ્યો. બે ઘડી વાત કરીને બા સંતુષ્ટ થઇ ગઈ. રમેશ બાથી ફોન લઈને સાયકલ ઉપર સવાર થઈ ગયો અને કહેવા લાગ્યો, બા પૈસા ગણી લેજો બરાબર ,હજાર રૂપિયા છે. બાએ બૂમ પાડી બેટા અહીં આવ. હવે શું થયું ? રમેશ બા પાસે ગયો .બા એમને સૌ રૂપિયા આપ્યા અને કીધું તું દર મહિને આવે છે અને મને ફોન પર વાત કરાવે છે. રમેશ એ ના પાડી પૈસા લેવાની એ તોય બાએ જબરજસ્તી કરીને એમને સૌ રૂપિયા આપ્યા અને આશીર્વાદ આપ્યા.

ફળિયાના અરવિંદ કાકા પોતાની દુકાન બંધ કરીને આવતા હતા ,એમને રમેશ ને બૂમ પાડી રમેશ મને તારાથી કંઈ પૂછવું છે.રમેશ એ કીધું શું થયું ? શું પૂછવું છે? પૂછો કાકા. રમેશ દર મહિને બા પાસે આવે છે મની ઓર્ડર આપે છે અને ફોન પર વાત પણ કરાવે છે કેમ? કાકાને પ્રશ્નોથી રમેશ હેરાન થઈ ગયો વિચારવા લાગ્યો આજે તો મારી ચોરી પકડી ગઈ એમને કાંઈ કીધું કાકા બાના રાહુલનો મિત્ર નો એક દિવસ મની મની ઓર્ડર ની જગ્યા ચિઠ્ઠી હતી કે કોરોના માં રાહુલની મૃત્યુ થઈ છે. બાનો રાહુલ બહાર કમાવા ગયો હતો તે દર મહિને બાને મનીઓર્ડર કરતો હતો.દર મહિને ચંદ રૂપિયાનો ઈન્તજાર અને કુશળતાની ઉમેદ ભરી આંખો ને મારે કહેવાની હિમ્મત નહી પડી ,અને હું જ બાનો રાહુલ બની ગયો .

કાકા આ મારી સમાજ સેવા છે. અને હું પરમ સંતોષ અનુભવું છું.

લીના શર્મા હાલોલ.

---

NOG SS No : 009૨
પ્રકારઃ-ગદ્ય
શીર્ષકઃ- સમાજસેવા દ્વારા સક્ષમતા

આજથી ૩૦ વર્ષ પહેલા નેધરલેન્ડ સરકારની નાણાંકીય સહાયથી બનાસકાંઠાના અંતરિયાળ ગામોમાં પાઈપલાઈન દ્વારા પીવાનું પાણી પૂરું પાડવાની યોજના હતી.જેમાં ગુજરાત રાજ્ય પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા વિભાગ, બે સ્વૈચ્છિક સંસ્થાઓ તથા સ્થાનિક ગ્રામ પંચાયતો સાથે મળીને યોજનાનું અમલીકરણ કરતી હતી.હું એક સંસ્થાની પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર તરીકે મઢુત્રામાં પાણી પંચાયત સમિતિની સાથે મિટિંગ કરી રહી હતી.મિટિંગ સુપેરે ચાલી. મિટિંગ પુરી થતા જ હું મારી ગાડી તરફ જવા નીકળી. ત્યાં પાણી પંચાયત સમિતિના એક વડીલ સભ્ય બહેન અને ગામની બીજી બહેનો એકદમ ઉગ્ર થઈને ગામમાં બે દિવસથી પાણી નહોતું આવ્યું તે અંગે બોલવા લાગ્યા. મારા ડ્રાયવર ભાઈને લાગ્યું કે આજે તો બહેનને મારશે જ. એમણે ગાડી શરૂ કરીને બૂમ પાડી કે બહેન ચાલો જલ્દી નહીંતો આ બહેનો તમને મારશે. મેં એમને ગાડી બંધ કરવા કહ્યું અને હું એ બહેનો પાસે ગઈ અને સમજાવ્યું કે તમારા ગામમાં પાણી નથી આવતું એની રાધનપુર પાણીપુરવઠા ઓફિસમાં રજુઆત કરવાની જવાબદારી તમારી છે. હું તમને અરજી લખી આપી શકું અને ઓફીસે લઈ જઈ શકું બાકી પ્રશ્ન તમારો છે અને રજુઆત તમે જ કરશો. મારા અવાજની દ્રઢતા, નિર્ભયતા અને તેમને સક્ષમ કરવાના સંકલ્પને લીધે ત્રણ બહેનો તૈયાર થઈ. મેં તેમને રાધનપુર પાણી પુરવઠાની ઓફિસે ઉતારી. તેમણે પાણીના પ્રશ્ન અંગે જાતે રજુઆત કરી. હું ચૂપચાપ પાછળ ઉભી રહીને સાંભળતી રહી. બે દિવસમાં એમના ગામમાં પાણી ચાલુ થયું.

જ્યારે બીજી વાર એ ગામમાં ગઈ તો પાણી પંચાયતના તમામ સભ્યો મારો આભાર માનવા લાગ્યા કે તમારા કારણે ગામમાં બે દિવસ પછી પાણી ચાલુ થયું. મેં એ પ્રશંસાના ખરા હકદાર એ ત્રણ બહેનોને આગળ બોલાવી આખી વાત કરી અને તેમનું તાળી પાડીને સન્માન કરવા વિનંતી કરી.

અલકા નવિનચંદ્ર મહેતા
ગાંધીનગર , ૦૧/૦૩/૨૨.

---

NOG SS No. 111
વિષયઃ શિવરાત્રી
વિભાગઃ ગદ્ય
શીર્ષકઃ જીવ તે જ શિવ
રચનાઃ

'શિવ' એટલે કલ્યાણકારી અને મંગલકારી. શિવ એટલે સાદગી,ભોળપણ. ભોળાનાથ શિવ જળ અભિષેક,બિલીપત્ર થી જ ખુશ થઈ જાય છે. તેમની પૂજા કરવાની રીત ખૂબજ સાદગીભરી છે. ત્રણ પાન વાળું બિલીપત્ર ત્રણ ગુણો અને ત્રિનેત્ર નું પ્રતીક છે.

શિવ અજન્મા એટલે અનાદિ અને અનંત છે. તેઓ દેવોનાં પણ દેવ એવા મહાદેવ છે. પ્રથમ ગુરુ છે.યોગી છે.તેઓ નિરાકાર પણ છે અને સાકાર પણ છે.તેઓ નિર્વિકાર છે તેથી જ ભસ્મને શરીરે ધારણ કરેછે.તેઓ કલ્યાણકારી છે તેથી જ હળાહળ વિષ પી જઈને કંઠે ધારણ કરી બધાનું કલ્યાણ ઈચ્છે છે.તેઓ ઐશ્વર્ય, જ્ઞાન, વૈરાગ્ય, શાંતિ પ્રદાન કરવાવાળા છે.

શિવ પૃથ્વીના આરંભમાં પણ હતાં.પાલનકર્તા પણ છે. સંહાર સમયે તાંડવનૃત્ય પણ કરેછે.

તેમનાં તાંડવનૃત્યથી સૃષ્ટિ પણ થંભી જાય છે. આવા આ વૈરાગ્યના દેવ શિવને ભજીને આપણે એટલે કે જીવાત્મા એ પોતે જ શિવરુપ થવાનું છે કારણકે દરેક જીવાત્મા શિવનો જ અંશ છે.જે સ્વયં જ્ઞાની અને પ્રકાશમય છે. જરૂર છે તેને ઓળખી અને 'શિવોહમ' બનવા તરફની ગતિ કરવાની છે.

શિવનું સ્વરૂપ આપણને સૂચિત કરેછે કે તેમના મસ્તક ઉપર ધારણ કરેલી ગંગા - જે અજ્ઞાનતા નો અંત, જ્ઞાન અને શાંતિનાં ઉદયનુ પ્રતીક છે.તેમની બાંધેલી જટા- મન, શરીર અને ચેતનાનું ઐક્ય દર્શાવે છે.ગળા ઉપરનો સર્પ -અહંકાર ને કાબુમાં રાખવાનું ,નીલકંઠ -ગુસ્સા પરના કાબૂ નું, હાથમાં ધારણ કરેલું કમંડળ- શરીરમાં રહેલાં દુષ્ટ તત્વોનું નાશ કરવાનું , ત્રિશૂળ - મન, બુદ્ધિ અને અહંકારને વશમાં રાખવાનું પ્રતીક છે. શરીર પર ચોળેલી ભસ્મ દર્શાવે છે કે જગતની દરેક ચીજ, માનવશરીર પણ નાશવંત છે.શિવનુ ત્રીજું નેત્ર -જે દ્રશ્યમાન છે તેનાથી ઉપર જઈને મનરૂપી આંખથી જોવાનું સૂચવે છે. હસ્તસ્થિત ડમરુ -શરીરની દરેક ઈચ્છાશક્તિ નાં ત્યાગનું અને ધ્યાનસ્થ મુદ્રા શાંતિ-સ્વસ્થતા નું પ્રતીક છે.

શિવ માનસ પૂજા સ્તોત્ર અનુસાર શંભુ જ આત્મા છે. બુદ્ધિ પાર્વતી છે.પ્રાણ શિવગણ છે.શરીર મંદિર છે. સંપૂર્ણ વિષય ભોગની રચના શિવપૂજા છે. નિદ્રા સમાધિ છે. ચાલવું- ફરવું એ જ પરિક્રમા છે. સંપૂર્ણ શબ્દ શિવસ્તોત્ર છે. આ પ્રકારે માનવી જે જે કાર્ય કરે છે તે સર્વ શિવ આરાધના જ છે.

જે જીવાત્મા અનાદિ , અનંત અને અમર એવાં શિવનાં શરણમાં જવાનો પ્રયત્ન કરશે તો ભોળાનાથ જરૂર પોતાનાં રક્ષણ નીચે દરેક જીવાત્માને લેવાની કૃપા કરશે.

'જય શિવ શંભો' 'હર હર મહાદેવ'.
ભાવના દેસાઈ 'ભાવુ' ૦૧/૦૩/૨૦૨૨

---

NOG SS NO -0050
વિષય - જીવન સફર,સમાજ સેવા, સાહિત્યક સેવા કડવાં મીઠાં ઘૂંટ આપવીતી.
શીર્ષક - જીવન સફર
કાગળ પર તો આજ સુધી મેં ખૂબ લખ્યું..!
જિંદગી જીવવા માટે ખૂબ બહાના શોધ્યાં..!
હું કરું એક જીવનની સફર..!
ધારું તો હું શ્વાસ ઉપર લખી દઉં...!
બંધબેસતા શબ્દો જેવાં જીવન સફરની..!
ખુદનું નામ લખું
બદનામી ની વાતો હોય કે કડવાં ઘૂંટડા પણ..!
આ મારું છે કહેવાથી..!
કાગળ પર તો લખવાનાં પણ અભરખા ઘણાં..!
છાની છપની ચણભણ થાય હોબાળા વચ્ચે..!
એક સાચું સરનામું ક્યાં લખું..!
છીપ ને પરવાળા વચ્ચે ,
દરેક સફરમાં ચીવટ રાખી સરવાળા બાદબાકીનાં હિસાબ ક ર ી અ ે . . !
ક્યારેક ચિત્કાર નીકળે છે...!
અંતર મહી ઘૂમરી વહે ત્યારે કાગળ પર ઉતારીને હાશ થાય...!
ખૂબ અવઢવ પછી અમસ્તી બહાર નીકળે..!
આતો શિયાળે લીલા પર્ણો પર પડતી ઝાકળ જેવી સફર..!
અલ્લડ મસ્તીખોર, વાતોડિયો સ્વભાવ ,હંમેશા દરેકને મદદ કરું હું દોડતી જઈને...! પ્રમાણિક અને લાગણીશીલ કહી દેવા જોઈએ મોંઢા પર..!
જિંદગીની સફર કરવી પ્રેમથી મને બહુ ગમે છે..!
સૂરજની સાથે કરું સફર..!
પેલો કાગડો કહે એકલી નથી દ્વાર પર..!
મારે કોઈ ટકોરા આવ્યાં મહેમાન સફર કરીને ..!
લો સાંભળો હવે ..!
જીવનનાં સાચાં સફરમાં દરેકને ચાહો તો...!
સપનાઓ પુરા થઈ જશે દરેકનાં જલ્દીથી..!
રાગીની શુક્લ ×રાગ×
મુંબઈ, કાંદિવલી.

---

NOGSS NO. :0034
વિભાગઃ ગદ્ય (લેખ)
શીર્ષકઃ સાહિત્ય અને સમાજ
શબ્દોઃ ૩૪૩

સાહિત્ય એ સમાજનું દર્પણ છે. જે-તે સમયના, જે-તે બનાવો, રહેણી-કરણી, રીતિ-રિવાજોની અસરો સાહિત્યમાં ઝીલાય છે. શું સાહિત્ય કે શું સમાજ દરેક જગ્યાએ આપણને કડવાં-મીઠાં અનુભવો થતાં રહે છે. એ અનુભવોથી જ આપણે શીખીએ છીએ, ઘડાઈએ છીએ. સમાજમાં પારકાં તો ટાંટિયા ખેંચે પરંતુ પોતાનાં પણ પછાડવામાં કંઈ બાકી નથી રાખતાં. સાવ ક્ષુલ્લક બાબતમાં પણ ચડસા-ચડસી થતી હોય છે.

સાહિત્ય જગતમાં પણ સતત આગળ વધવાની રેસ ચાલુ હોય છે. આજકાલ ઉઠાંતરી કરવી એ સામાન્ય બાબત બની ગઈ છે. ટૂંક સમયમાં જ પ્રસિદ્ધિ મેળવવાની લાલચ અને પોતાની ક્ષમતા ન હોય એટલે આવાં શોર્ટકટ અપનાવતાં હોય છે. વધુ આશ્ચર્ય તો ત્યારે થાય કે પકડાઈ જાય પછી પણ ગુનો કબૂલવાને બદલે ઉલટો ચોર કોતવાલને દંડે એવો ઘાટ થાય છે. ઘણીવાર તો નવોદિતની સારી કૃતિને પણ ઉતારી પાડવામાં આવે છે અને તેની ઉગતી લાગણીઓને એવી રીતે ભાંગી પાડવામાં આવે છે કે તે ફરી બીજીવાર કલમ ઉઠાવવાની હિંમત જ નથી કરી શકતાં. ખરેખર સમાજમાં પણ કોઈ માણસ પ્રગતિ કરે તો સહન નથી કરી શકતાં, પરંતુ તે જ માણસ નીચે પછડાય ત્યારે તેને ઊભો કરવા પણ આગળ કેટલાં લોકો આવે છે? મનુષ્ય જેવો હોય એવો મોડો કે વહેલો સામે આવી જતો હોય છે. કોઈ ખરાબ વ્યક્તિ ગમે એટલો સારો દેખાવ કરે પણ તેના વર્તનથી ક્યારેક તો ઓળખાઈ જ જાય છે. માણસને માપવાનું કોઈ યંત્ર નથી બન્યું.

બે મિત્રો હતા. એક મિત્રએ બીજાં સાથે દગો કર્યો. બીજાં મિત્રે દુઃખ સાથે કહ્યું કે, મને ખબર નહોતી કે તું આવો નીકળીશ. એણે કહ્યું કે,×હું તો આવો જ છું.× પેલાએ કહ્યું કે, ×સાચી વાત છે, મેં જ તને ઓળખવામાં થાપ ખાધી. તેં દગો ન કર્યો હોત તો મને એવો જ ભ્રમ રહેત કે તું મારો બેસ્ટ ફ્રેન્ડ છે.× આ પીડાદાયક ઘટનાથી તે હલબલી ગયો. અને ફરી કોઈને મિત્ર ન બનાવી શક્યો. વિશ્વાસ એકવાર તૂટે પછી જલ્દીથી મેળવી શકાતો નથી. દરિયામાં અને નદીમાં આમ તો પાણી જ હોય છે પણ એક ખારું અને એક મીઠું. દરિયાનું પાણી આપણે ઉપયોગમાં નથી લઈ શકતાં જ્યારે નદીનાં પાણી વગર જીવન શક્ય નથી. આપણાં ઉપર આધાર રાખે છે કે આપણે કેવું બનવું!

ટહુકોઃ
સારા વિચાર ધરાવવા એ આંતરિક સુંદરતાની નિશાની છે. - સ્વામી રામતીર્થ

## માણાવદરમાં પશુપાલન શિબિર અને પ્રદર્શન યોજાયું



માણાવદર પ્રજાપતિ સમાજ ખાતે

પશુપાલન ખાતુ ગુજરાત રાજ્ય અને જિલ્લા પંચાયત જૂનાગઢ અને પશુ દવાખાના માણાવદર ના સંયુક્ત ઉપક્રમે આજરોજ તાલુકા કક્ષાની પશુપાલન શિબિર અને પ્રદર્શન માણાવદર મુકામે આયોજન કરવામાં આવેલ હતું આ પશુપાલન શિબિરનું ઉદ્‌ઘાટન જૂનાગઢ જિલ્લા પંચાયતના પ્રમુખ શાંતાબેન દિનેશભાઈ ખટારીયા, કંચનબેન ડઢાણીયા, દિનેશભાઈ ખટારીયા, જીવાભાઈ મારડિયા દ્વારા કરવામાં આવેલ હતું .

પશુ શોષણ, પશુ રોગચાળા, પશુ સંવર્ધન, રસીકરણ, સજીવ ખેતી અને પશુપાલન ખાતાની વિવિધ સહકારી યોજનાઓની વિસ્તૃત માહિતી જિલ્લા માંથી આવેલ અધિકારીઓ દ્વારા આપવામાં આવેલ આ શિબિરમાં અંદાજે ૩૦૦થી વધુ પશુપાલકોએ ભાગ લીધો હતો અને આ શિબિરને સફળ બનાવવા માણાવદર પશુ દવાખાના ડો.એન.જે ફળદુ તથા પશુપાલન ટીમે ખાસ જહેમત ઉઠાવી હતી.

તસવીર અહેવાલ
જીગ્નેશ પટેલ માણાવદર

## રાજ્ય સરકાર ખેડૂતો પાસેથી લઘુત્તમ ટેકાના ભાવે ઘઉંની સીધી ખરીદી કરશે

ખેડૂતોએ ૦૨ માર્ચથી ૩૧ માર્ચ,૨૦૨૨ સુધી સ્થાનિક ગ્રામ્ય કક્ષાએ ફઝઈ થકી નોંધણી કરાવવાની રહેશે.

પ્રક્રિયામાં કોઈ મુશ્કેલી જણાય તો હેલ્પલાઈન નંબર – ૮૫૧૧૧-૭૧૭૧૮ તથા ૮૫૧૧૧-૭૧૭૧૯ ઉપર સંપર્ક કરી શકાશે.

ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડની અખબારી યાદી અનુસાર રવિ માર્કેટિંગ સિઝન- ૨૦૨૨-૨૩ માટે ખેડૂતો પાસેથી લઘુત્તમ ટેકાના ભાવે ઘઉંની ખરીદી કરવામાં આવશે. યાદીમાં જણાવ્યા અનુસાર જે ખેડૂતો લઘુત્તમ ટેકાના ભાવે ઘઉંનું વેચાણ કરવા ઈચ્છતા હોય તેમણે સ્થાનિક ગ્રામ્ય કક્ષાએ ફઝઈ દ્વારા તારીખ –૦૨-૦૩-૨૦૨૨ થી ૩૧-૦૩-૨૦૨૨ સુધી કરવામાં આવશે.

યાદીમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે, નોંધણી માટે જરૂરી પુરાવા જેવા કે આધાર કાર્ડની નકલ, અદ્યતન ગામ નમુનો- ૭-૧૨, ૮-અ ની નકલ, ગામ નમુના ૧૨ માં પાક વાવણી અંગેની એન્ટ્રી ના થઈ હોય તો પાકની વાવણી અંગેનો તલાટીના સહિ સિક્કા સાથેનો દાખલો, ખેડૂતના નામના બેંક ખાતાની વિગત જેમ કે બેક્ર પાસબુકની નકલ અથવા કેન્સલ ચેકની નકલ સાથે લાવવાની રહેશે.

રાજ્યમાં ઘઉં પકવતા ખેડૂતો જેઓ તેમનો પાક લઘુત્તમ ટેકાનો ભાવે વેચાણ કરવા ઈચ્છતા હોય તો તેઓની ઓનલાઈન નોંધણી ફરજીયાત હોઈ આ માટે સંબંધિત ગ્રામ પંચાયતનો સંપર્ક કરી નોંધણી કરાવવા ખાસ અનુરોધ છે.

નોંધણી કરાવતી વખતે તમામ ડોક્યુમેન્ટ્સના અક્ષરો સુવાચ્ય હોય તથા માગ્યા મુજબ અપલોડ થાય તેની નોંધણી સ્થળ/કાઉન્ટર છોડતા પહેલા ખાસ કાળજી રાખવાનું પણ જણાવવામાં આવે છે. ડોક્યુમેન્ટની ચકાસણી દરમિયાન જો ખોટા ડોક્યુમેન્ટ અપલોડ કરાયા હોવાનું ધ્યાને આવશે તો આપનો ક્રમ રદ થશે અને ખરીદી માટે આપને જાણ નહીં કરવામાં આવે તેની ખાસ નોંધ લેશો, તેમ પણ યાદીમાં જણાવાયું છે. જો નોંધણી બાબતે કોઈ મુશ્કેલી જણાય તો હેલ્પલાઈન નંબર –૮૫૧૧૧-૭૧૭૧૮ તથા ૮૫૧૧૧-૭૧૭૧૯ ઉપર સંપર્ક કરવાનો રહેશે.

# બનાસકાંઠા માં મહાશિવરાત્રિની ધાર્મિક માહોલ સાથે ઉજવણી કરાઈ

બનાસકાંઠા બ્યુરો
રિપોર્ટ : દીલીપ ગોહીલ

ભગવાન ભોળાનાથની મહિમા ને વર્ણતો ઉત્સવ મહાશિવરાત્રીની ડીસા સહિત જિલ્લાભરમાં ધાર્મિક હર્ષોલ્લાસ સાથે આજરોજ ઉજવણી કરવામાં આવી હતી. વહેલી સવારથી જ શિવભક્તો શિવાલયોમાં પહોંચી હર હર મહાદેવ અને ૐ નમઃ શિવાયના નાદ સાથે શિવભક્તો દ્વારા શિવાલયોમાં દૂધ સહિત જળાભિષેક બીલીપત્રો સાથે પૂજન-અર્ચના કરી ભોળાનાથને રીઝવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. તો વળી અનેક શિવાલયમાં ભાંગ અને દુધ ની પ્રસાદી ની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ઉપરાંત શિવાલયોમાં લઘુ રુદ્રાભિષેક મહા આરતી ધૂન ભજન સત્સંગ સહિતના અનેકવિધ ધાર્મિક કાર્યક્રમો પણ થયા હતા.અને શીવમંદિરોમાં શિવભક્તો એ દર્શન કરી ધન્યતા અનુભવી હતી. ડીસા સહિત જિલ્લાભરમાં અનેક પૌરાણિક શિવમંદિરો આવેલા છે. જેમાં પાલનપુરના પાતાળેશ્વર મહાદેવ, હાથીદરા, ગંગેશ્વર, બાલારામ મહાદેવ, બાજોઠીયા મહાદેવ સહિત ડીસામાં આવેલા રિશાલેશ્વર મહાદેવ, રસાણા નજીકનું શિવધામ બનાસ નદી કિનારે આવેલ મહાદેવીયા આ ઉપરાંત અરવલ્લીની ગીરીકંદરાઓમાં આવેલા કોટેશ્વર મહાદેવ, મુકેશ્વર મહાદેવ, વિશ્વેશ્વર મહાદેવ, કેદારનાથ મહાદેવ તથા સરહદી વિસ્તારમાં આવેલા મુળેશ્વર મહાદેવ કપિલેશ્વર મહાદેવ વાળીનાથ મહાદેવ બુઢેશ્વર મહાદેવ વગેરે અનેક શિવાલયોમાં વહેલી સવારથી જ ભક્તો દર્શને પહોંચી ગયા હતા.

આ ઉપરાંત અનેક શિવ મંદિરોમાં શિવરાત્રિના મેળા પણ યોજાયા હતા. અને શિવમંદિરોને શણગારવા ની સાથે વિશેષ ધાર્મિક કાર્યક્રમો પણ કરાયા હતા.આમ સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં શિવરાત્રીના પર્વને લઇ શિવ ભક્તો મા અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો હતો.

# મહાશિવરાત્રી એ રાજ્યના ૩૧ તાલુકાઓમા ડાયાલિસિસ કેન્દ્રોનુ ઈ-લોકાર્પણ



## "વન નેશન વન ડાયાલિસિસ"ની દિશામા ગુજરાતની આગવી પહેલ

આહવા તાઃ ૧ઃ ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામ હેઠળ દર્દીઓને ઘરઆંગણે જ ડાયાલિસિસ સેવા ઉપલબ્ધ કરાવવા હેતુથી કાર્યાન્વિત કરાયેલ શ્રેણીબદ્ધ ડાયાલિસિસ કેન્દ્રો "વન નેશન વન ડાયાલિસિસ" ક્ષેત્રે સમગ્ર દેશમા ગુજરાતની આગવી પહેલ છે, તેમ ડાંગના ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલે જણાવ્યુ હતુ.

રાજયભરના ડાયાલિસિસ કેન્દ્રોના આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલના હસ્તે રાજય કક્ષાના યોજાયેલા રાજયવ્યાપી ઈ-લોકાર્પણ કાર્યક્રમની સાથે સાથે, ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા સ્થિત સિવિલ હોસ્પિટલ ખાતેના કેન્દ્રનુ લોકાર્પણ કરતા ધારાસભ્યશ્રીએ, તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદ્રષ્ટિને કારણે ગંભીર બિમારી સાથે સંકળાયેલા દર્દીઓને ૩૦ થી ૪૦ કિલોમીટરની ત્રિજયા વિસ્તારમા જ ડાયાલિસિસની સુવિધા મળી રહે તે માટે 'ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામ' કાર્યરત કરાવવામા આવ્યો છે, તેમ જણાવ્યુ હતુ.

આ પ્રોગ્રામ હેઠળ અમદાવાદ સિવિલ મેડિસિટીની કિડની ઈન્સ્ટીટ્યુટ દ્વારા શ્રેષ્ઠ સંચાલન કરીને રાજયભરમા ૬૧ ડાયાલિસિસ સેન્ટર કાર્યરત

### ડાંગ જિલ્લામા પણ આહવાને વઘઈ ખાતે ડાયાલિસિસ કેન્દ્રોની સેવા અને સુવિધા પ્રજાર્પણ કરાઈ :

કરવામા આવ્યા હતા. જે શૃંખલાને આગળ વધારતા, આજે રાજયભરમા બીજા ૩૧ ડાયાલિસિસ કેન્દ્રો કાર્યાન્વિત થતા હવે ગુજરાતભરમા સરકાર દ્વારા સંચાલિત ડાયાલિસિસ કેન્દ્રોની સંખ્યા ૯૨ થઈ છે, તેમ તેમણે ઉમેર્યુ હતુ.

ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલે, ડાંગ જિલ્લામા પણ આહવા અને વઘઇ ખાતે આ કેન્દ્રોની સેવા અને સુવિધા ઉપલબ્ધ થઈ રહી છે, તેમ પણ જણાવ્યુ હતુ. આગામી સમયમા રાજ્યના તમામ તાલુકાઓ અને જરૂરિયાતમંદ વિસ્તારોમા ડાયાલિસિસ કેન્દ્રો ઉપલબ્ધ કરાવવા સરકાર કટિબધ્ધ હોવાનુ પણ તેમણે વધુમા જણાવ્યુ હતુ.

સર્વે સન્તુ નિરામયાના સુત્રને ખરા અર્થમા સાર્થક કરીને રાજયના તમામ જરૂરિયાતમંદ દર્દી, પીડિતોને આરોગ્યલક્ષી વિવિધ સુવિધાઓ સરળતાથી પહોંચાડવાનુ કાર્ય, ટીમ ગુજરાતે હાથ ધર્યુ છે. તેમ જણાવતા ડાંગ કલેકટર શ્રી ભાવિન પંડ્યાએ, કોરોનાકાળ દરમિયાન પણ કોરોનાગ્રસ્ત દર્દીઓની સાથે સાથે નિરામય ગુજરાત , સ્વચ્છરૂ-સ્છ યોજના, મિશન ઈન્દ્રધનુષ ૪.૦. જેવી આરોગ્યલક્ષી યોજનાઓની અસરકારક અમલવારી કરાવીને રાજ્ય સરકારે જનકલ્યાણની શ્રેષ્ઠ કામગીરી હાથ ધરી છે, તેમ જણાવ્યુ હતું.રાજયમા એક સાથે ૩૧ સ્થળોએ ડાયાલિસિસ કેન્દ્રોના ઈ-લોકાર્પણ કાર્યક્રમમા વિવિધ સ્થળોએથી પદાધિકારીઓ જોડાયા હતા. ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલ, અને કલેકટર શ્રી ભાવિન પંડ્યા સહિત ઈન્ચાર્જ સિવિલ સર્જનશ્રી ડો.અંકિત રાઠોડ, ડો.રિતેશ બ્રહ્મભટ્ટ, સિવિલ હોસ્પિટલની ટિમ ઉપસ્થિત રહી હતી. જ્યારે સામુહિક આરોગ્ય કેન્દ્ર-વઘઈ ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી મંગળભાઈ ગાવિત, સામાજિક કાર્યકરો સર્વશ્રી ઘનશ્યામભાઈ પટેલ, દિલીપભાઈ ચૌહાણ, અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો.હિમાંશુ ગામીત, તાલુકા હેલ્થ ઓફિસરશ્રી ડો.સ્વાતિ, મેડિકલ ઓફિસરો સર્વશ્રી ડો.તેજલ, ડો.મિતેષ, ડો.વિવેક, અને ડો. વિરલ તથા તેમની ટિમ ઉપસ્થિત રહી હતી.

બન્ને સ્થળોએ મહાનુભાવોએ દાખલ દર્દીઓને મળી તેમના ખબરઅંતર પૂછી, ઉપલબ્ધ સેવા અને સારવારની જાણકારી પણ મેળવી હતી.

નરેન્દ્ર પવાર
ડાંગ

## મહાશિવરાત્રી નિમિત્તે વંદના

પળમાં પ્રગટ થતો તું ભોળાનાથ છો
જન્મોજન્મનો એક જ તું સાથ છો
પળમાં પ્રગટ થતો તું ભોળાનાથ છો
બ્રહ્માડનાં જીવોમાં ચૈતન્ય છો તું જ
સ્મશાનમાં બિરાજતી ચિદાનંદ લાશ છો
દૈહિક,દૈવિક,આધ્યાત્મિક સિદ્ધિ વરસાવતો
દરેક જીવનો સનાતની શિવ સંગાથ છો
તું,તારો પરિવાર ને તારું સર્વસ્વ પૂજાય
તું નિર્વિકલ્પ,તું નિર્વિકાર,તું નિરાકાર છો
ઉમા,ગણેશ,લાભ,શુભ,રિદ્ધિ,સિદ્ધિ સૌ તું
તું અજન્મા ને અમર,તું મહાકાલ છો
જન્મ,મરણનાં બંધનોથી તું મુક્ત કરતો
કુબેરી ખજાનો ભભૂતનો તું પ્રસાદ છો
કાળ,ભય અને રોગને પળમાં હટાવતો
ઉર્જા ભંડાર 'બમ બમ ભોલે'નો નાદ છો
કમી, કમજોરી અને વિઘ્નોનો નાશ કરતો
દેવોનો દેવ મહાદેવ મૃત્યુંજયી વૈધનાથ છો
ગંગાધર સ્વરૂપે પવિત્રતા વહેંચતો અને
હળાહળ એકલો પી જતો તું પુરુષાર્થ છો
હૈયાંનાં બીલીપત્રથી દૂધ,જળ પધરાવું તને
તું શંખ,ડમરું,રુદ્રાક્ષનો મહા શિવરાત્ર છો
-મિત્તલ ખેતાણી(રાજકોટ,સ.૯૮૨૪૨૨૧૯૯૯)



આજે શિવ રાત્રીના દિને અસુરતા ના વિનાશક ભગવાન શિવ ની પૂજા તો આપણે સહુ એ કરી પરંતુ હરિદ્વાર ગુજરાતી પરિવાર ના મુખ્ય શ્રી રાજેશ ભાઈ પાઠકે આજ ના પર્વ ને શહીદ પ્રણામ પર્વ તરીકે મનાવ્યો. તેઓ હરિદ્વાર માં સ્થાપિત દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલય ના wall of heroes ખાતે પહોંચી દેશ અને ઉત્તરાખંડના વીર શહીદ સૈનિકો ને સેલ્યૂટ કરી હતી. રશિયા અને યુક્રેન ના યુદ્ધ ની વચ્ચે જન સામાન્ય માં દેશ ના વીરો માટે સન્માન નો આ પ્રેરણાત્મક કાર્ય એક નવી પ્રેરણા અને પહેલ છે

# યુક્રેનમાં ફસાયેલા ચાણસ્મા તાલુકાના કેસની ગામના વિદ્યાર્થી નો ગઈકાલ બાદ માતા પિતા સાથેનો સંપર્ક તૂટતા માતા-પિતા ચિંતિત

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

ચાણસ્મા તાલુકાના કેસણી ગામના વિદ્યાર્થી સહિત ૫૧ ની ટીમ લક્ઝરી મારફતે રોમાનિયા બોર્ડર સુધી પહોંચ્યા બાદ ચાણસ્મા તાલુકાના વિદ્યાર્થીઓ તેના માતા-પિતા સાથે સંપર્ક તૂટયો

યુક્રેનમાં ઉડીશા શહેરમાં ચાણસ્મા તાલુકાના કેસણી ગામનો દર્શન કુમાર મહેશકુમાર પટેલ ૨૦૧૭માં એમબીબીએસના અભ્યાસ અર્થે ગયો છે અને તાજેતરમાં જ રશિયા અને દ્ઢિહી વચ્ચે યુદ્ધ શરૂ થતા આ વિદ્યાર્થી પણ ત્યાં ફસાયો છે પરંતુ બે દિવસ પહેલાં જ યુક્રેન થી લક્ઝરી મારફતે આ વિદ્યાર્થી સહિત ૫૧ ભારતીય વિદ્યાર્થીઓની ટીમ રોમાનિયા બોર્ડર પર ગઈકાલે લક્ઝરી મારફતે પહોંચ્યા હતા પરંતુ ગઈ કાલે ૪:૦૦ પછી આ વિદ્યાર્થી તેના માતા-પિતા સાથે વાત કર્યા બાદ છેલ્લા ૨૪ કલાકથી તેનો સંપર્ક તૂટી ગયો છે જેના કારણે આ વિદ્યાર્થીના માતા-પિતા ખુબ જ ચિંતામાં પડી ગયા છે અને વારંવાર તેમનો પુત્ર ભારત પાછો ફરે તે માટે આજીજી કરી રહ્યા છે ઉલ્લેખનીય છે કે આ વિદ્યાર્થીની માતા ચાણસ્મા મહિલા ભાજપના પ્રમુખ છે અને દુઃખની વાત એ છે કે આજ સુધી આ વિદ્યાર્થી ની માતા પક્ષના પદાધિકારી હોવા છતાં પણ ચાણસ્મા તાલુકા ભાજપ દ્વારા કોઈપણ પદાધિકારી રૂબરૂ મુલાકાત લઇ નથી સાંત્વના આપી કે નથી કોઈ મદદ કરવાની ખાતરી આપી તેમ જણાવી આ વિદ્યાર્થીઓના માતા-પિતા એ ઘણો અફસોસ વ્યક્ત કર્યો હતો

આ વિદ્યાર્થીના માતા-પિતા શું કહે છે

યુક્રેનમાં ફસાયેલા ચાણસ્મા તાલુકાના ગામ ના દર્શન કુમાર મહેશભાઈ પટેલ ના માતા-પિતાએ દિવ્યભાસ્કર સાથેની ટેલિફોનિક સંપર્ક દરમિયાન ઊંડી ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે તમારો પુત્ર દર્શન યુક્રેનમાં ફસાયો છે અને છેલ્લે ગઈકાલે ચાર વાગે યુક્રેન થી લક્ઝરી મારફતે રોમાનિયા બોર્ડર આવ્યા ત્યાં સુધી ટેલિફોન સંપર્ક થયો હતો અને તે વખતે તેણે જણાવ્યું હતું કે અહીંયા બોર્ડર પર ખૂબ જ ભીડ છે અને ધક્કામુક્કીમાં મારો સામાન પણ કચડાઈ ગયો છે માત્ર નાનો ડેરો જ મારી પાસે રહ્યો છે અને છેલ્લી વાત ગઈ કાલે ૦૪:૦૦ પછી થયા બાદ આજ સુધી ૨૪ કલાક થયા છતાં સંપર્ક થઇ શકયો નથી ખૂબ જ ચિંતા થાય છે મારો એકનો એક પુત્ર છે દુઃખની વાત એ છે કે યુક્રેનમાં ફસાયેલા મારા પુત્રની માતા ભાજપના ચાણસ્મા તાલુકાના મહિલા પ્રમુખ છતાં પાટણ જિલ્લા કે ચાણસ્મા તાલુકા ભાજપના કોઈ પદાધિકારી એ અમારા પરિવારને સાંત્વના આપવા આવ્યા નથી કે મદદની ખાત્રી આપવા પણ આવ્યા નથી અમારી એક જ ભારત સરકારને અરજ છે કે અમારો પુત્ર હેમખેમ અમારા ઘર સુધી લાવી આપો તેવી ચિંતા લાગણી સાથે ભારત સરકાર પાસે માંગણી વ્યક્ત કરી હતી

# લાયન્સ કલબ ઓફ અમદાવાદ ફોટ દ્વારા મેગા મેડિકલ કેમ્પ યોજાયો





આજ રોજ અસલાલી ગામે શ્રી યુ એલ પટેલ સ્કૂલ ( કંકુબા) ખાતે શ્રી અસલાલી સેવા સહકારી મંડળી, લાયન કલબ ઓફ અમદાવાદ ફોર્ટ અને દીગવીજયનગર, રુદ્રાક્ષ હોસ્પિટલ બારેજા, વેદાંત હોસ્પિટલ,

લાયન્સ આંખની હોસ્પિટલ ના સંયુક્ત ઉપક્રમે ગુજરાત રાજય ના મુખ્ય મંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ ની ઉપસ્થિતિ માં મહા મેગા મેડિકલ ચેક અપ કેમ્પ તથા ભોજનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં અલગ અલગ મેડીકલ વિભાગ માં 1000 કરતા વધુ જરુરીયાત મંદ લાભાર્થીઓ એ લાભ લીધો હતો . આ શુભ પ્રસંગે સાંસદ શ્રી નરહરી અમીન, લાયન્સ કલબ ઈન્ટરનેશનલ ના ડીસ્ટ્રીક્ટ 3232b1 ના ગવર્નર શ્રી જગદીશચંદ્ર અગ્રવાલ કેમ્પનું દીપ પ્રગટાવી ને ઉદ્ઘાટન કયુ તથા લાયન્સ કલબના ના લીડર અને આ મેડીકલ કેમ્પ પ્રોગ્રામના કોર્ડિનેટર શ્રી હિરેનભાઈ મેવાડા અને શ્રી ભરતભાઈ શેઠ, અસલાલી સેવા સહકારી મંડળીના ચેરમેન શ્રી ઘનશ્યામભાઈ અમીન , ઓરિએન્ટ કલબ ના ચેરમેન શ્રી અજીતભાઈ પટેલ તથા લાયન્સ કલબ ઓફ દીગ્વીજયનગર અને ફોર્ટ કલબના પ્રમુખ શ્રી મેહુલ પટેલ અને શ્રી હેતલ શાહ અને લાયન્સ કલબના વિવિધ હોદ્દેદારો તથા વિવિધ સમાજના શ્રેષ્ઠીઓ એ હાજરી આપી આ પ્રસંગને ઉંચાઈ આપી દીપાવ્યો હતો.



શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ રાજય કક્ષા આજ રોજ વોર્ડ નંબર ૯માં સેક્ટર ૨૩માં વગડા વાણી માતાના મંદિર માં સમગ્ર ભૂદેવ સમાજ દ્વારા સામૂહિક રીતે લઘુરુદ્ર અભિષેક રાખવામાં આવ્યો હતો તેમાં સલાહકાર સમિતિ ના સભ્ય શ્રી પ્રમોદ ભાઈ દવે સહ મંત્રીશ્રી સુનીલ ભાઈ મહેતા સમીર ભાઈ મહેતા ઉપ પ્રમુખ શ્રી વિપુભાઇ ઠાકર અને આપના યશસ્વી અને પ્રેરણા સ્તોત્ર એવા દિગ્ગજ આપના પ્રમુખ શ્રી સુનીલ ભાઈ ત્રિવેદી ઉપસ્થિત રહ્યાં હતા આ પ્રસંગે રુદ્રી સમજે ઉષ્મા ભેર અમારું સ્વાગત કર્યું હતું તે બદલ રુદ્રી સમાજ નો અમે ખૂબ ખુબ આભાર વ્યક્ત કરી યે છીએ અને આવનારા સમય મા રુદ્રી મંડાણ આપણી સાથે રહીને ખૂબ શાથ અને સહકાર આપવા ની ખાત્રી આપી હતી તે બદલ તેમનો ખૂબ ખુબ આભાર જય પરશુરામ

### શિવ લહેરી પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટ શહેરા દ્વારા
# મરડેશ્વર શિવરાત્રિના મેળા માટે પચ્ચીસ જેટલા સ્વયં સેવકો એ કરી સેવા




પંચમહાલ ના શહેરાના શ્રી મરડેશ્વર મહાદેવ ના મહાશિવરાત્રી ના યોજાયેલ મેળામાં હજારો લોકો ભગવાન શિવના દર્શન કરવા અને મેળો માણવા માટે આવેછે. ત્યારે આ વખતે શિવ લહેરી પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટના પચ્ચીસ જેટલા સ્વયંસેવકો એ ખડેપગે ઊભા રહીને મંદિર મા લાઈન કરી પડાપડી ન થાય અને સારી રીતે દર્શન થાય. મેળામાં કોઈ ઈમરજન્સી સેવા માટે ઈકો ગાડી.. દર્શનાર્થીઓ માટે પાણી માટે ટેકંર તથા મફત ચા નાસ્તા ના ત્રણેક સ્ટોલ ઊભા કરવામાં આવ્યા હતા. આયોજક ના જણાવ્યા પ્રમાણે આ સેવા સવારે આઠ વાગ્યા થી સાજે સાત વાગ્યા સુધી આ સેવા કરવા માટે ની તૈયારી છે. આ રીતે મેળામાં આવનાર દર્શનાર્થીઓ ને કોઈ તકલીફ ન પડે તે માટે દર વર્ષે આ ટ્રસ્ટ કામ કરશે. આમ અમારી આ સંસ્થા પ્રજા ના હિતમાં સેવા કરવા તૈયાર રહશે. હવે હમે આ ટ્રસ્ટ દ્વારા રકતદાન શિબીર કરવાનુ આયોજન કરવામાં આવશે.ટ્રસ્ટ ના આયોજક બીકે પેઈન્ટર પણ ગૌ સેવા તથા લોકહિત ના કાર્યો માટે રાત દિવસ કામ કરે છે.

રિપોર્ટ.ભીખાભાઈમાછી
મહીસાગર.

# અમદાવાદ માં ઠંડા પાણી ની ૧૧ જગ્યાએ પરબ ગુરૂકૃપા ફાઉન્ડેશન દ્વારા




ગરમી ની શરૂઆત માર્ચ મહિનામાં ખુબજ વધી જતી હોય છે. આ લોકો ને ઠંડા પાણી માટે ગુરૂકૃપા ફાઉન્ડેશન તરફથી પ.પુ. ડૉ મુનિ શ્રી ચિતંન ગુરૂદેવ શ્રીના જન્મ દિવસ નિમિતે અમદાવાદમાં અલગ અલગ ૧૧ જગ્યાએ શુધ્ધ આર ઓ ના ઠંડા પાણી ની સગવડ ૦૧/૦૩/૨૦૨૨ થી ચાલુ કરવા માં આવ્યાં છે જેમાં પલ્લવ ચાર રસ્તા, ભુયંગ દેવ ચાર રસ્તા, સુભાષ ચોક ,ઝાયડસ ચાર રસ્તા ,પકવાન ચાર રસ્તા, ઈસ્કોન ચાર રસ્તા, શ્યામલ ચાર રસ્તા, અંધજન મંડળ ચાર રસ્તા, હેલ્મેટ સર્કલ, સ્ટેડિયમ પાંચ રસ્તા અને ઉસ્માન પુરા ચાર રસ્તા મુકવામાં આવ્યા છે જેનો લાભ જાહેર જનતાને મળી રહેશે.ગરમી અમદાવાદ માં મે મહિનામાં તો ૪૫ ડીગ્રી તાપમાન થઈ જાય છે પાણી ની તરસ ખુબજ લાગતી હોય છે ત્યારે ગુરૂકૃપા ફાઉન્ડેશન દ્વારા પરબ મુકવા નું આ પગલું આવકારદાયક છે. દરેક પરબ ઉપર દર બે કલાકે જો પાણી ખલાસ થઈ ગયું હશે તો જગ બદલીને નવો જગ મુકવામાં આવશે .જીવદયા સાથે જોડાયેલી આ સંસ્થા માનવસેવા માં પણ સૌપ્રથમ જ હોય છે.આ પરબ થી ફેરિયા, રીક્ષા ચાલક, સેલ્સમેન, ટ્રાફિક પોલીસ અને આ રસ્તા પર થી પસાર થતા લોકો માટે આશીર્વાદરૂપ સાબિત થશે.જીવદયાનો વિચાર પણ કેટલો ઉતમ જે વધારાનું પાણી નીચે પડશે તે પક્ષી ઓને પીવા કામ લાગે તે માટે કુંડ મુકવામાં આવ્યા




આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશ પટેલે મહાશિવરાત્રીના પાવન પર્વે વડનગરના પૌરાણિક ભવ્યાતિભવ્ય હાટકેશ્વર મહાદેવ મંદિરના દર્શન કર્યા.મંદિરમા વર્ષોથી સ્થાપિત દેવોના દેવ મહાદેવની શિવલિંગના જળાભિષેક કર્યા હતા.

ભોળાનાથને ગુજરાતના પ્રજાજનોની આરોગ્ય સુખાકારી માટે આરોગ્યમંત્રીશ્રીએ પ્રાર્થના કરી હતી

# વડોદરાના સાવલીના માજી કોંગ્રેસ પ્રમુખના પુત્રનો મૃતદેહ મળ્યો

વડોદરા,તા.૧

વડોદરાના સાવલીમાં માજી કોંગ્રેસ પ્રમુખના પુત્રનો મૃતદેહ મળ્યો છે.ઝુમકાલ ગામના તળાવમાંથી માજી કોંગ્રેસ પ્રમુખના પુત્રનો મૃતદેહ મળી આવ્યો છે.ઉલ્લેખનીય છે કે, પુત્રના ગુમ થવાના પ્રકરણમાં પુત્રનો મૃતદેહ મળ્યો છે.ત્યારે મોટી સંખ્યામાં ગ્રામજનો ઘટના સ્થળે પહોંચ્યા હતા.તેમજ ઘટનાની જાણ કરાતા પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી હતી..સાવલીના મંજુસર ગામેથી કોંગ્રેસ નેતાનો ૨૨ વર્ષીય પુત્ર કુલદીપસિંહ વાઘેલા ગુમ થયાના મામલે તેની લાશ તળાવમાંથી મળી આવી છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.